સહજ-સત્સંગ

અંક : ૨૬૮ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ઍપ્રિલ - ૨૦૧૧

કૂષ્માંડા

મા મીરાંબિકા

For each one and for the whole world anything becomes useful if it helps to find the Divine.

- The Mother

વસ્તુનું મૂલ્ય

ભાવાનુવાદ

વ્યક્તિ કે સમગ્ર જગતને, હર વસ્તુ ઉપયોગી થાએ,
તે જો મદદરૂપ બને, શોધાવા પ્રભુને કાજે.

- શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૭ જૂન ૧૯૧૪)

મારું સ્વરૂપ તું એને જે કંઈ આપે છે તેથી સંતુષ્ટ છે. તું એની પાસેથી જે કાંઈ માગીશ, તે એ કરશે..... કોઈ નકામી મહત્ત્વાકાંક્ષા વિના તારા પૂરેપૂરા થઈ રહેવું, જેટલા સંપૂર્ણ રીતે થઈ શકાય તેટલા..... એમાં જ શું બધું આવી જતું નથી ?

તારું કાર્ય થશે જ અને જે લોકોએ એ કરવાનું છે તેમને તે ઉત્પન્ન કરી રાખેલાં છે અને પસંદ કરી લીધેલાં છે.

તે મને તારા પ્રેમમાં રહેવાનું અને તારા પ્રેમ દ્વારા જીવન જીવવાનું અને તારો પ્રેમ વધુ ને વધુ બની જવાનું અતુલ્ય વરદાન બક્ષ્યું છે.

તને માત્ર એક જ પ્રાર્થના કરું છું..... જે તત્ત્વો, જે અણુઓ કે વિશ્વો તારા પ્રેમની અંદર અને તારા પ્રેમ દ્વારા જીવવાને સમર્થ હોય તેમની સંખ્યાની તું વૃદ્ધિ કરતો રહે.

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ	શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (પ્રભુપ્રેમ)	૧	**આગામી-ભાવિ** (સર્જન - શક્તિનો મહિમા)	૩૩
યોગમાર્ગમાં આવતાં જોખમો - ભયસ્થાનો - ૪	૪	**વેદવિજ્ઞાન** (પ્રકાશની શોધમાં : સરમા)	૩૪
માતૃવાણી (દિલની સચ્ચાઈ)	૮	**વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (મનનો વિકાસ કેવી રીતે કરશો ?)	૩૬
માનવવિકાસ ચક્ર (તર્કાતીત શુભ)	૧૨	**સૂક્ષ્મ જગતનાં - અજાણ ઋણાનુબંધો**	૩૭
શ્રી અરવિન્દનું એક અલ્પજ્ઞાત પાસુ : પત્રકારત્વ	૧૪	**સાંજના વાર્તાલાપો** (સામૂહિક સાધનાના લાભ - ગેરલાભ)	૩૮
સાવિત્રી (ગુડાકેશ અશ્વપતિ)	૧૬	**શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (વિદ્યા અને જ્ઞાન (વિજ્ઞાન))	૩૯
ઉપનિષદોનું અમૃત (પરા અને અપરાવિદ્યા)	૨૦	**Nirav Brahman**	૪૧
યોગ વિષે પત્રો (આંતર-ચેતનાનું કાર્ય)	૨૧	**સંવાદી આરોગ્ય** (રોગ નિવારણની આંતરિક પદ્ધતિઓ)	૪૨
વેદનું રહસ્ય (ગૂઢવાદીઓના સિદ્ધાંતો)	૨૫	બ્રહ્મ - સત્ય	૪૫
ઉત્ક્રાંતિ (વિસંવાદિતાનો સામનો અટળ)	૨૮	**કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર**	
સુંદર કથાઓ (પ્રભુનું રક્ષણ)	૩૦		
યોગ પર દીપ્તિઓ (લક્ષ્ય)	૩૧		

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૬૮ વર્ષ : ૨૨
એપ્રિલ - ૨૦૧૧

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
રિઝર્વ બેંકની સૂચના મુજબ હવે એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.
(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

પ્રભુપ્રેમ

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી પોતાનાં બે ભાવો વ્યક્ત કરે છે. એક, પ્રભુ તેને જે આપે છે તેથી તે સંતુષ્ટ છે. બીજું, પ્રભુ જે પ્રેરણા આપે તે મુજબ જ કામ કરવું. આ પ્રકારનો આગ્રહ જ પ્રભુને પૂર્ણ સમર્પિત થવામાં મદદરૂપ થાય છે. પોતાના માટે નવી નવી માગણી કરવી અને પોતાના નિર્ણયાનુસાર કામ કરવું તે બન્નેનો ત્યાગ કરીને પ્રભુ ઉપર સર્વસ્વે નિર્ભર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. પ્રભુ પ્રત્યેનો સમર્પણ ભાવ એ પ્રભુ ઉપરના પ્રેમની શરૂઆત છે, તો પ્રભુરૂપ બની રહેવું એ તેનો અંતિમ તબક્કો છે. સાધકે આ અંતિમ સ્થિતિ મેળવવા સતત પ્રયત્ન કરવો જરૂરી છે.

પ્રભુના નિર્ણયો કોઈ વખત ખોટા કે અધૂરા હોતા જ નથી. તે સિદ્ધ-સંકલ્પ છે, તેથી તેમણે જે કાર્ય કરવાનો નિર્ણય લીધો હશે તો તે કાર્યને ઉપાડીને પૂર્ણ કરનારા લોકોને પણ તેણે નિર્માણ કરેલાં જ હશે. તેમને પહેલેથી જ પસંદ કરી રાખેલાં હશે (શ્રી અરવિન્દને યોગ તરફ વાળતી વખતે પ્રભુએ કહેલું કે અન્ય વ્યક્તિ ભારતને સ્વાતંત્ર્ય આપશે, ત્યારે ગાંધીજીનો જન્મ થઈ જ ચૂકેલો હતો.)

તેથી કોઈ પણ પ્રભુનું કાર્ય કરતી વખતે ખોટા ઉધામા ન નાખવા. યોગ્ય સમયે યોગ્ય મદદ મળશે જ અને પ્રભુનું કાર્ય પણ સહજ રીતે થઈ જશે. એની ઉપર શ્રદ્ધા રાખવી જરૂરી છે.

તો પછી આપણે કયાં કામો કરવાનો આગ્રહ રાખવો જોઈએ ? માતાજી જણાવે છે કે આપણો સમગ્ર પુરુષાર્થ એક જ વસ્તુ ઉપર કેન્દ્રિત કરવો જોઈએ. પ્રભુ ઉપરના પ્રેમને જ જીવનનો આધાર બનાવો. તેમની સાથે સતત એકરૂપતા સાધવાનો પ્રયત્ન કરતા રહો, તેમની પ્રેરણાનુસાર જ જીવનને ઢાળો, આ જ સાચી દિશા છે.

માતાજી જણાવે છે કે આ રીતે જીવવાનું પ્રભુએ તેમને જાણે વરદાન આપેલું છે, કારણ આ તેઓ તે સહેજ રીતે કરી શકે છે.

અંતે, માતાજી પ્રાર્થના કરે છે કે પ્રભુ એક જ વસ્તુ કરો. આ અખિલ બ્રહ્માંડ અનંત વિશ્વોનું બનેલું છે. દરેક વિશ્વ વળી અમુક તત્ત્વોનું બનેલું હોય છે અને દરેક

(પૃ.૧૫ ઉપર)

યોગમાર્ગમાં આવતાં જોખમો - ભયસ્થાનો - ૪

- જ્યોતિબેન થાનકી

યોગમાર્ગના અંતે તો પ્રભુનું જ્યોતિર્મય સ્વરૂપ ઝળહળી રહ્યું હોય છે. એ સ્વરૂપ પ્રત્યે જ સાધકનું ધ્યાન હોય તો પણ માર્ગમાં આવતાં બધાં જોખમોને તે પાર કરી જાય છે. પણ માર્ગમાં આવતાં પ્રલોભનોમાં અટવાય જાય તો પછી પ્રભુ મળતા નથી. યોગમાર્ગમાં તો આંતરિક શુદ્ધિકરણ કરતાં કરતાં આગળ વધવાનું હોય છે. જેમ જેમ સાધકનો આધાર શુદ્ધ થતો જાય છે, તેમ તેમ ભયસ્થાનો અને જોખમો ઓછાં થતાં જાય છે. છતાં બે પ્રકારનાં જોખમો અંગે છેક સુધી સાવધ રહેવું પડે છે. તેમાંનું એક છે કામવાસના અને બીજું છે અહંકાર.

કામવાસનાના આવેગનું આક્રમણ :

યોગસાધનાના માર્ગે જતાં સાધકમાં કેટલીક વાર કામવાસનાનો આવેગ ચઢી આવે છે. ક્યારેક જાગૃત અવસ્થામાં તો આવતો હોય છે, ક્યારેક નિદ્રાવસ્થામાં તેનો આવેગ ચઢી આવતો હોય છે; ત્યારે સાધક એવું માનવા લાગે છે કે સાધનામાં આવી સ્થિતિ કેમ આવી ? હવે તે યોગને લાયક રહ્યો નથી. પોતાની જાતને દોષિત માનવા લાગે છે અને હીનભાવનાથી પીડાતો રહે છે. આ વિષે એક સાધકને માર્ગદર્શન આપતાં શ્રી અરવિન્દે કહ્યું હતું કે, ''કામવાસનાના આવેગ વિષે કહેવાનું કે તેને કોઈ ખરાબ કે ભયંકર વસ્તુ તરીકે ન જોવી, તેમ જ આકર્ષક વસ્તુ તરીકે પણ ન જોવી. નિમ્ન પ્રકૃતિની ખોટી ગતિ તરીકે ગણીને એનો સદંતર ઈન્કાર કરવો, પણ તેની સાથે સંઘર્ષ કરીને નહીં, પરંતુ તેમાંથી પાછા હઠીને, તમારી જાતને અનાસક્ત બનાવીને. તેને તમારી સંમતિ ન આપવી. તેને તમારી પોતાની વસ્તુ તરીકે ન જુઓ, પણ પ્રકૃતિએ બહારથી તમારા પર દબાણ કરીને લાદેલી વસ્તુ તરીકે જુઓ અને તેને બિલકુલ સંમતિ ન આપો, ઈન્કાર કરો. એ ઈન્કારમાં મદદ કરવા માટે દિવ્યશક્તિને પોકારો. જો તમે આ વસ્તુ સ્થિરતાથી, ધીરજથી અને મક્કમ રીતે કરી શકો તો છેવટે તમારો આંતર સંકલ્પ બાહ્ય પ્રકૃતિની ટેવ વિરુદ્ધ વિજય પ્રાપ્ત કરશે.'' આમ, આ આવેગને બહારથી આવેલી વસ્તુ તરીકે જોઈને જો તેનાં પર ધ્યાન આપવામાં ન આવે તો આ આવેગ વ્યક્તિ પર કબજો જમાવી શકતો નથી. ધીમે ધીમે પછી હુમલા ઓછા

થતા જાય છે અને પછી સાધકની ચેતનાની આંતિરક સ્થિતિ એવી બની જાય છે કે પછી આવા હુમલાની તેના પર કોઈ અસર થતી નથી. પછી તે એમાંથી મુક્ત થઈ જાય છે.

શ્રી અરવિન્દના યોગમાં નિમ્નપ્રકૃતિનું આમૂલ રૂપાંતર કરવાનું હોઈને સાધકે કામના આવેગમાંથી સંપૂર્ણપણે મુક્ત થવું જરૂરી છે. આ વિષે શ્રી અરવિન્દ કહે છે કે, ''આપણા યોગમાં એવી સ્થિતિ છે કે વ્યક્તિએ કામવાસના ઉપર વિજય પ્રાપ્ત કરવો જ જોઈએ, નહીં તો નિમ્ન પ્રાણમય અને શારીરિક પ્રકૃતિનું રૂપાંતર થઈ શકે નહીં. બધા જ પ્રકારની કામેચ્છાના સંબંધો અટકી જવા જોઈએ, નહીંતર વ્યક્તિ ગંભીર જોખમો પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે છે.'' એટલે કામવાસના અને અહંકારમાંથી સંપૂર્ણમુક્તિ એ તો નિમ્નપ્રકૃતિના રૂપાંતરની અનિવાર્ય બાબત છે. આથી વ્યક્તિએ કામના આવેગ પ્રત્યે ઉદાસીનતા દાખવીને તથા તેનો સતત ઇન્કાર કરીને તેમાંથી મુક્ત થઈ જવું જોઈએ.

કામના આવેગ પ્રત્યે સાધકનું દૃષ્ટિબિંદુ કેવું હોવું જોઈએ ?

કામ એ નિમ્નપ્રકૃતિ સાથે જોડાએલી વૃત્તિ છે, વ્યક્તિ જ્યારે સાધનાનો આરંભ કરે છે, ત્યારે તાત્કાલિક કંઈ તે પોતાની નિમ્નપ્રકૃતિની બધી વૃત્તિઓ પ્રત્યે સભાન હોતો નથી અને તેથી તત્કાળ તે નિમ્નપ્રકૃતિની ગતિઓમાંથી મુક્ત પણ થઈ શકતો નથી. સાધનાવસ્થામાં લાંબા સમય સુધી નિમ્નપ્રકૃતિની વિકૃતિઓ અવારનવાર આવ્યાં કરતી હોય છે. સાધકે આ માટે કોઈ પણ જાતનો ક્ષોભ અનુભવ્યા વગર પોતાની સાધના ચાલુ જ રાખવી જોઈએ. આવી વૃત્તિઓ પ્રત્યે સાધકે કેવું દૃષ્ટિબિંદુ અપનાવવું જોઈએ; એ વિષે માર્ગદર્શન આપતાં શ્રી અરવિન્દ કહે છે કે, ''સાચું વલણ એવું હોવું જોઈએ કે કામાસક્તિની નબળાઈ માટે ચિંતા ન કરવી. તેની હાજરીથી મન ઉપર ભાર રાખીને તેની સાથે સતત ઝગડી કરીને વિષાદ ન લાવવો. તેમ જ તેની વૃદ્ધિ થાય એટલી હદ સુધી બેદરકાર ન રહેવું. તેમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવવી એ સહુથી મુશ્કેલ કાર્ય છે. તેની અગત્ય અને મુશ્કેલી વ્યક્તિએ સ્વીકારવાની રહે છે અને તેના સંયમ માટે સ્થિરતાપૂર્વક પ્રયત્ન કરવાનો હોય છે. જો કેટલાક પ્રત્યાઘાતો શેષ રહી જાય તો તેનાથી વિક્ષુદ્ધ થવું નહીં.''

કામની સંપૂર્ણમુક્તિ ક્યારે શક્ય બને ?

કામ એ નિમ્નપ્રકૃતિ સાથે અનિવાર્ય પણે જોડાએલી વૃત્તિ હોઈને તેમાંથી

સંપૂર્ણ મુક્તિ તો જ્યારે નિમ્નપ્રકૃતિનું દિવ્યપ્રકૃતિમાં સંપૂર્ણપણે રૂપાંતર થઈ જાય, ત્યારે જ મળે. શરીરના દિવ્ય રૂપાંતરની સાધના એ તો ઘણી જ લાંબી પ્રક્રિયા છે, તેથી શરીરનું જ્યારે પૂર્ણ રૂપાંતર થાય ત્યારે શરીર નિમ્નપ્રકૃતિની જે ખોટી ગતિઓના આધારે કાર્ય કરી રહ્યું છે, તે તમામમાં પરિવર્તન આવે. દિવ્યપ્રકૃતિને કાર્ય કરવા માટે કામ, મોહ, આવેગ જેવી નિમ્નવૃત્તિઓની બિલકુલ આવશ્યકતા જ નથી. આથી આ બધી વૃત્તિઓ પણ દિવ્યપ્રકૃતિમાં રૂપાંતરિત થઈ જશે. પણ ત્યાં સુધી તો શારીરિક ભૂમિકા ઉપર કામનો પ્રભાવ વત્તેઓછે અંશે રહેવાનો. પરંતુ સાધક સભાનતાપૂર્વક અવિરતપણે જો પ્રયત્ન કરે તો મન અને પ્રાણમાં દિવ્યશક્તિનું અવતરણ થાય તો આ ભૂમિકા ઉપર કામની અસર ટકી શકતી નથી. એકવાર મન અને પ્રાણ જો કામના પ્રભાવમાંથી મુક્ત થઈ જાય તો પછી સ્થૂલ શરીર એ આવેગ પ્રત્યે ઉદાસીન રહી શકે છે તેથી આવેગનો હુમલો પ્રબળ બનતો નથી. ધીમે ધીમે એની અસર નહિવત્ બની રહે છે.

નિદ્રાવસ્થા કે સ્વપ્નમાં થતા કામના હુમલામાંથી કેવી રીતે મુક્ત થઈ શકાય ?

વ્યક્તિ જો સભાનપણે પ્રયત્ન કરે તો જાગૃત અવસ્થામાં પછી આવા આવેગના હુમલા થતા નથી. પરંતુ ઘણીવાર નિદ્રાવસ્થામાં કે સ્વપ્નમાં કામના આવેગનો અનુભવ થતો હોય છે ! શું બાહ્ય પરિસ્થિતિને લઈને કે ખોરાકને લઈને આવા હુમલાઓ થતા હશે ? એના માટે સાધકનું અચેતન મન જવાબદાર છે ? આ અંગે માર્ગદર્શન આપતાં શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે, ''નિદ્રા દરમિયાન કામેચ્છાનો હુમલો ખોરાક કે બીજી કોઈ બાહ્ય વસ્તુ પર આધાર રાખતો નથી. એ તો અવચેતનમાં રહેલી યાંત્રિક ટેવ છે. જ્યારે જાગ્રત અવસ્થામાં કામવાસનાનાં વિચારો અને લાગણીઓમાંથી ઈન્કાર કરવામાં આવે અથવા તેને અટકાવવામાં આવે ત્યારે આ સ્વરૂપે નિદ્રામાં આવે છે, કેમ કે તે સમયે અવચેતન જ સક્રિય હોય છે. તો પછી નિદ્રામાં કે સ્વપ્નમાં આવા હુમલા ન થાય તે માટે શું કરવું જોઈએ ? આ સંદર્ભમાં શ્રી અરવિન્દ કહે છે કે, ''જો આમાંથી મુક્ત થવું હોય તો જાગૃત સ્થિતિમાં કામેચ્છાની કલ્પના કે લાગણી ઉત્પન્ન થવા દેવી નહીં. બીજું, શરીર ઉપર અને કામવાસનાના કેન્દ્ર ઉપર દૃઢ સંકલ્પ મૂકવો કે ઊંઘમાં આવી કોઈ વસ્તુ બનવી ન જ જોઈએ. કદાચ આનું તત્કાળ પરિણામ ન પણ આવે પણ સાચા દિલથી લાંબા સમય સુધી પ્રયત્ન કરવમાં આવે તો જરૂર પરિણામ આવે છે અને અવચેતન પણ આજ્ઞા માનવાની શરૂઆત કરે છે.''

કામવૃત્તિને જીતવાનો સરળ ઉપાય :

સામાન્ય રીતે જ્યારે જ્યારે વ્યક્તિ પર કામનો હુમલો થાય ત્યારે તે પોતાની જાતને ખરાબ માનવા લાગે છે અને એવું વિચારે છે કે 'હું સાધનાને લાયક નથી. આવી હીનતાની ભાવના પણ સાધનામાર્ગમાં આડખીલી રૂપ છે. જ્યારે જ્યારે નિમ્નવૃત્તિઓ ધસી આવે ત્યારે તેનાથી પોતાની જાતને અલગ કરી દેવાથી આવી વૃત્તિઓનું જોર ઓછું થઈ જાય છે. શ્રી માતાજી કહે છે; કામવૃત્તિને જીતવા માટેનો સહેલો રસ્તો છે તેની હાજરીથી વ્યગ્ર થવાને બદલે આંતરપુરુષને એનાથી અલગ કરો અને તમે ઉપર ચાલ્યા જાઓ.'' નિમ્ન પ્રકૃતિની કોઈ પણ વૃત્તિમાંથી મુક્ત થવું હોય તો સહેલામાં સહેલો એક જ માર્ગ છે કે ચેતનામાં ઊંચે જવું. જેમ જેમ મનુષ્ય ચેતનામાં ઊંચે જાય છે, તેમ તેમ નીચેની વસ્તુઓ આપોઆપ છૂટી જાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ આ જ બાબતને વધુ સરળતાથી સમજાવતાં કહે છે, તમારે પશ્ચિમ દિશા છોડવી હોય તો બસ પૂર્વમાં આગળ ચાલ્યે જાઓ, પશ્ચિમ આપોઆપ છૂટી જશે. એ જ રીતે કામમાંથી મુક્ત થવું હોય તો પ્રભુની ચેતના સાથે એકરૂપ બનવાનો પ્રયત્ન શરૂ કરી દેવાનો, તો પછી એ દિવ્યચેતનામાં નિમ્ન વસ્તુઓ રહેશે જ નહીં.

પ્રકાશનના આરે

શ્રી અંબુભાઈ પુરાણી : **નૂતન માનવજાતિના અગ્રદૂત**

લેખક : **શ્રી કિરીટભાઈ ઠક્કર**

પેજ - અંદાજે **૪૦૦ ઉપર** - પડતર કિંમત : આશરે **૧૬૦/-**

પ્રકાશક : **શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ**

શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા - ૩૯૦૦૦૧.

પ્રકાશન તારીખ : **શ્રી અંબુભાઈ પુરાણીનો જન્મ દિન - ૨૬ મે, ૨૦૧૧**

શ્રી અંબુભાઈ પુરાણીનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓ, વિવિધ વ્યક્તિઓનાં, તેમની બાબતનાં સંસ્મરણો અને તેમનો સ્પર્શ પામેલાઓની અનુભૂતિઓનો આમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રકાશન માટે અનુદાન આપવા ઈચ્છનારને આવકાર છે. રકમ પ્રકાશકના સરનામે મોકલશો. અનુદાન મળતાં ગ્રંથની કિંમત તે પ્રમાણમાં ઘટાડીને આપવામાં આવશે. **- કિરીટ ઠક્કર**

માતૃવાણી

- શ્રી માતાજી

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૮૧-૮૯)

દિલની સચ્ચાઈ

પ્રકરણ - ૭

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ આત્મ - સમર્પણ એટલે શું ? તેમાં તમારી જાતને સંપૂર્ણપણે ભગવાનને સોંપી દેવાની રહે છે..... યોગ તમારે કરવાનો રહેતો નથી. એ ભગવાન પોતે કરે છે. પૃ.૮૧

૨ તપશ્ચર્યા કરવાની હોય છે ત્યારે યોગ પણ તમારે જ કરવાનો હોય છે. પૃ.૮૧

૩ યોગસાધના શરૂ કરવાની પહેલી અસર - ક્ષુધિત વાસનાઓ..... એકદમ જાગૃત અને મુક્ત થઈ જાય છે..... ઉપર ધસી આવે છે. પૃ.૮૨

૪ તમને તે બાબતમાં વિચારો આવે તો પણ તેનાથી અલિપ્ત અને ઉદાસીન રહેવું જોઈએ. પૃ.૮૨

૫ આ વસ્તુ આપણામાં..... આંતર-સ્વરૂપ ઉપરનો વિશ્વાસ માંગી લે છે. પૃ.૮૨

૬ તમારે તમારી અંદર છૂપા પડેલા અંધારા ખૂણાઓ શોધી કાઢવા, તેમનામાં શુભ ભાવનાઓનો નાનો સરખો તણખો મૂકવો. પૃ.૮૪

૭ જો તમારે દિવ્ય જીવન પ્રાપ્ત કરવું હોય તો તમારી સોબત અને તમારી પરિસ્થિતિ વિષે તમારે ઘણા સાવચેત રહેવું પડશે. પૃ.૮૫

૮ આધ્યાત્મિક જગતમાં તમારે..... પ્રભુ સાથે કામ પાડવાનું હોય છે..... ભગવાન તો તમે જાણો છો તેથી વધુ (તમારા વિષે) જાણે છે. પૃ.૮૫

૯ તમારામાં તમે પૂરતા પ્રમાણમાં સભાન નથી. પૃ.૮૬

૧૦ જેમ જેમ તમે (સાધનામાં) આગળ વધતા જશો તેમ તેમ તમારા લક્ષમાં

આવશે કે જેને તમે સંપૂર્ણ (યોગનો) નિશ્ચય માનતા હતા તે ખરું જોતાં, જોઈએ તેટલો સંપૂર્ણ નથી. પૃ.૮૮

૧૧ તમારા પ્રાણને એ બાબતની પ્રતીતિ થવી જોઈએ કે તેનામાં જે કોઈ આવેગો આવે તેમની સામે તેણે મોરચો માંડવાનો રહે છે. પૃ.૮૮

૧૨ પ્રાણમય સ્વરૂપમાં સાધના માટે.... તે પહેલાં તમારા મનના ઉચ્ચમાં ઉચ્ચ ભાગમાં કોઈ જ્યોતિ પ્રગટ થવાની શરૂઆત થઈ ગએલી હોવી જોઈએ..... જે તમને કોઈ ઊર્ધ્વમાંની ચેતના સાથે કે તમારા ચૈત્યસ્વરૂપ સાથે સંબંધમાં મૂકી આપે. પૃ.૮૯

૧૩ તમારું સમગ્ર વલણ એ જ્યોતિના પાયા ઉપર સ્થાપિત રહેવું જોઈએ જેથી..... તમારું મન, તમારો પ્રાણ અને છેવટે તમારું શરીર પણ યોગ્ય રીતે સમજી શકે. પૃ.૮૯

માતાજી વાર્તાલાપોમાંથી બીજું પ્રકરણ વાંચી રહ્યાં છે :

‘‘યોગસાધના કરવાનાં બે માર્ગ છે : એક તપસ્યાનો અને બીજો આત્મસમર્પણનો.’’

માતાજી, આત્મસમર્પણ એટલે શું ?

પોતાની જાતને સંપૂર્ણ રીતે પ્રભુને સોંપી દેવી એ જ, બેટા, આત્મસર્પણ છે. પ્રભુને સોંપી દેવાનો અર્થ છે પ્રભુ પોતે જ તમારી દ્વારા યોગસાધના કરી રહ્યાં છે, એવો સતત ભાવ રાખવો. તમારી દરેક ક્રિયા - વિચારો, ભાવનાઓ, પ્રેરણાઓ, કર્મો બધાંનું જ સંચાલન પ્રભુ કરી રહ્યાં છે; તે જ તમારા જીવન-રથનો સારથિ છે; તમે માત્ર કરણ છો, સાધન છો. આનો અર્થ એ કે સાધના અને યોગ કેવી રીતે કરવો તેનો નિર્ણય પ્રભુ જ લે છે. તેને લક્ષ્ય પ્રાપ્ત કરવાની ઉતાવળ હોતી નથી. પ્રભુની જ જવાબદારી છે. આપણે તેનું કોઈ અભિમાન કે ગર્વ લેવાનું નથી. નમ્રતાનો ભાવ ત્યાં હોય છે, કર્તાનો ભાવ હોતો જ નથી. પ્રભુ સાથે તમે જોડાઈ ગયાં છો એવો ભાવ હોય છે, તેથી જ તેને યોગ કહે છે. યોગ એટલે સંયોગ - જોડાવું. તપસ્યાના બીજા માર્ગમાં પણ યોગ તો હોય જ છે પણ તે સંયોગ જોડવાનો અને સાચવવાની જવાબદારી સાધકની એટલે કે આપણી રહે છે. સાધક ધારે છે કે તે પોતે જ પોતાના સંકલ્પબળે સાધના કરી રહ્યો છે. તેની જવાબદારી તેની પોતાની છે. આ કર્તાભાવ તેમાં હોય છે.

તેને પોતાની સાધના વહેલી તકે પૂરી થાય એવી ખેવના હોય છે.

માતાજી આગળ વાંચે છે :

''યોગસાધનાની પહેલી અસર એ હોય છે કે માનવનો પોતાની ઉપરનો માનસિક સંયમ દૂર થઈ જાય છે, તેથી ક્ષુધિત વાસનાઓ જાગૃત, મુક્ત થઈ સાધકની ચેતના ઉપર આક્રમણ કરે છે.''

આ માટે શું કરવું ?

માતાજી ઉપાયો દર્શાવે છે :

૧ વાસના નિર્માણ થાય તો તે તરફ ધ્યાન ન દેતા અન્ય વિષયોમાં મન પરોવવું.

૨ કાંઈક સદ્-વાચન કરવું.

૩ પોતાને પ્રભુનું સંરક્ષણ છે એવો દૃઢભાવ ધારણ કરવો.

૪ વાસનાને પ્રગટ થતાં અટકાવવી, તેથી તેની શક્તિ પોતાની મેળે નબળી પડી જાય છે.

૫ અલિપ્ત અને ઉદાસીન રહેવું

વાસનાને દબાવી દેવા કરતાં ઉપરની વસ્તુઓ કરવી અઘરી છે. વાસનાથી નિર્લેપ રહીને તેને જોવી અઘરી છે. પણ આના સિવાય તેને જીતવાનો અન્ય માર્ગ નથી. નિર્લેપ રહેવા માટે આપણા શુદ્ધ આંતરસ્વરૂપની ક્ષમતા ઉપર દૃઢ શ્રદ્ધા હોવી જરૂરી હોય છે અને તે ટકી રહેવો જોઈએ. આવનારી મુશ્કેલીઓ અવચેતનની રમત છે એમ જોતાં શીખવું જોઈએ, અને હરપ્રસંગે તેની સામે ઝઝૂમવાનો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. બહાવરા કે વ્યાકુળ થવાથી મુશ્કેલી વધી જાય છે, ઘટતી નથી.

આવી મુશ્કેલીઓ આવવાનું કારણ શું ?

આપણા સ્વરૂપનો અમુક ભાગ સાધના કરવા ઇચ્છે છે. અમુક ભાગ જૂની ઘરેડમાં જીવવા માગે છે. આ પરસ્પર ગતિ અને વિસંવાદ જ આ મુશ્કેલીઓનું કારણ છે. વાસનાને આપણા સ્વરૂપનો કોઈ પણ ભાગ પ્રતિભાવ ન આપે તો વાસના ટકી શકતી જ નથી.

આ વિસંવાદ ટાળવા શું કરવું જોઈએ ?

તે માટે 'સંપૂર્ણપણે દિલની સચ્ચાઈ' હોવી જરૂરી છે. ''મારાથી બનતું મેં કર્યું'' આ સંપૂર્ણપણે દિલની સચ્ચાઈ નથી. તમે સાચા દિલથી પ્રયત્ન કરો તો તે પ્રયત્ન નિષ્ફળ જતો જ નથી. વિભાજીત સ્વરૂપ સંપૂર્ણ દિલની સચ્ચાઈ જાળવી શકતું નથી. તે અવિભાજીત રહે ત્યારે તે આવે છે.

આપણે આપણી ચેતનાના સ્વામી બનવા જન્મ્યાં છીએ, ગુલામ રહેવા માટે નહીં.

આનો ઉપાય શો ?

આપણાં સ્વરૂપમાંના અંધારિયા ખૂણાં શોધી ત્યાં સભાનતાનો પ્રકાશ સ્થાપો, શુભભાવનાને ત્યાં સ્થાપો; તેથી ત્યાંનો અવચેતનનો પ્રભાવ નષ્ટ થશે.

માતાજી આગળ વાંચે છે :

તમે સામાન્ય જીવન ગાળતા હો ત્યાં સુધી સંસારના લોકોમાં હળોમળો તે સ્વાભાવિક છે, પણ તમારે જો દિવ્ય-જીવન જીવવું હોય તો સોબત અને પરિસ્થિતિ વિષે સાવચેત રહેતાં શીખવું પડશે.

પહેલાનાં જમાનામાં તપસ્વી લોકો આ પ્રશ્ન હલ કરવા જંગલમાં જતા રહેતા, પણ લોકો તેમને છોડતા નથી. મહાત્માનો સંત્સંગ કરવા પહોંચી જ જાય છે અને આવો તપસ્વી પછી તૈયારી વગર ઉપદેશ આપવા માંડે છે. આથી તો પરિસ્થિતિ વધારે બગડે છે. તમે લોકોને ફસાવી શકો છો, પ્રભુને નહિ; તેથી સાધનાનો પ્રથમ નિયમ એ છે કે પોતાની અનુભૂતિઓ જગજાહેર કરો નહિ. ફક્ત ગુરુને સ્પષ્ટીકરણ મેળવવા જણાવવી. શક્ય એટલું મૌન રહો. જિજ્ઞાસુને સાધના વિષે જણાવતા શાસ્ત્રોના આધારે કે સંતોના પ્રસંગોના આધારે વાત કરો. તટસ્થતા કેળવો. પોતાને ગુરુપદે સ્થાપો નહીં. સામાન્ય માનવની જેમ રહો. સાચા સાધક બનો. પ્રકૃતિનું રૂપાંતર કરો.

માતાજી, રૂપાંતરનો સંકલ્પ શું પ્રાણમય પુરુષ નથી લેતો ?

ના, ફક્ત પ્રાણમય સ્વરૂપનો નિર્ણય નકામો નીવડે છે; કારણ તે જ વિકારોને જલદી આધિન થાય છે. આપણા સ્વરૂપમાંનાં બધાં જ સ્વરૂપોનો સંઘટિત નિર્ણય જ યશસ્વી થાય છે. પ્રાણને પણ આજ્ઞાંકિત કરવો જ પડે છે. શરીર આજ્ઞાંકિત હોય જ છે પણ તેનામાં કોની આજ્ઞા માનવી તેનો વિવેક હોતો નથી.

તો પછી કોની આજ્ઞા સ્વીકારવી જોઈએ ?

આપણાં મનનાં ઊર્ધ્વપ્રદેશોમાં પ્રથમ જ્યોતિ સ્થિર થવી જરૂરી છે. તે પ્રભુના સંકલ્પોને નીચે અવતરણ પામવાનું માધ્યમ પૂરું પાડે છે. પ્રભુના સંકલ્પો જે આંતરપ્રેરણા તરીકે ચિત્તને અનુભવાય છે તે અનુસાર જ મન, પ્રાણ, શરીરે વર્તવાનું હોય છે. ઉપર જે પ્રકાશ અનુભવાય છે તે ચૈત્યપુરુષનો હોય છે. તેની દ્વારા જ પ્રભુની પ્રેરણાઓ પ્રગટ થાય છે અને સાધનાની સાચી સમજણ પેદા થાય છે અને પછી જ પૂર્ણપણે દિલની સચ્ચાઈ સ્થાપિત થાય છે.

માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૨૧)

તર્કાતીત શુભ

શ્રી અરવિન્દે આપણને માનવવિકાસ ચક્રમાં સમજાવ્યું છે કે વ્યક્તિનું આધ્યાત્મિક જીવન એટલે સત્યમ્, શિવમ્ અને સુંદરમ્નો ત્રિવેણી સંગમ. પરંતુ તેઓ કહે છે કે માણસ તેની સામાન્ય - વ્યવહારુ - તર્કબુદ્ધિની મદદથી આ પ્રદેશમાં પહોંચી શકતો નથી. તે સર્વોચ્ચ સત્યનો, ધર્મ અને અધ્યાત્મનો પ્રદેશ છે. શ્રી અરવિન્દ તેને તર્કાતીત શોધનો વિષય ગણે છે. માનવવિકાસ ચક્રમાં શ્રી અરવિન્દે પ્રથમ સૌંદર્યતત્ત્વની ચર્ચા કર્યા પછી શિવમ, અર્થાત્ શુભ કે કલ્યાણ - તત્ત્વ વિષે સમજ આપી છે.

શ્રી અરવિન્દે માનવજીવનના કલ્યાણ વિષયક પાસાંને નૈતિકતાનો વિષય ગણીને સમજાવ્યું છે કે નીતિ-પરાયણ માનવી તેના 'સ્વધર્મ' અનુસાર હંમેશા સર્વના શુભ અથવા કલ્યાણને મૂલ્યવાન ગણે છે. આવો માનવી પોતાને વ્યક્તિગત ધોરણે શું લાભકારક છે તેની ચિંતા છોડીને સમગ્ર સંસાર કે પ્રાણીમાત્રના કલ્યાણમાં તેનું કલ્યાણ સમાયેલું તેમ માને છે. ''જે પોતાને ઉપયોગી તે જ સુખદાયક એવી ઉપયોગિતાવાદી વિચારધારા સાથે તેને લેવાદેવા નથી.''

શ્રી અરવિન્દે ૧૯મી સદીને તર્ક, વિજ્ઞાન અને ઉપયોગિતાવાદની મહાન સદી તરીકે સ્વીકારી છે તે ખરું. પરંતુ તેઓ કહે છે તેમ, કમનસીબે ઉપયોગિતાવાદી વિચારકોએ નૈતિક બાબતોને પણ ઉપયોગિતાવાદનો વિષય બનાવી દીધો ! તેઓ તો ''જે નજર સામે હોય તેને સાચું'' એમ માનનારા પ્રત્યક્ષવાદી હતા.

શ્રી અરવિન્દે સમજાવ્યું છે તેમ ઉપયોગિતાવાદીઓ વ્યવહારુ દૃષ્ટિકોણ ધરાવતા હતા. તેમણે એવી સબળ માન્યતા પ્રચલિત કરી કે વ્યક્તિને ખુદને જે ઉપયોગી જણાય તે તેને માટે શુભ અથવા સુખવર્ધક. તેની સાથે ''નૈતિકતા''ને જોડવાની કોઈ જરૂર નથી. તેમણે એવી માન્યતા પણ ફેલાવી કે તમામ લોકોની ઉપયોગિતાઓનો સરવાળો કરવાથી સમાજના એકંદર અથવા કુલ સુખને જાણી શકાય. આવા સરવાળાના અંતે વધુમાં વધુ લોકોના વધુમાં વધુ સુખનો પરિચય મળી શકે. આ પ્રકારનાં શુભ અથવા કલ્યાણનો ઉપયોગિતાવાદે સામાજિક આદર્શ તરીકે માન્યતા આપી, પરંતુ શ્રી અરવિન્દે ઉપયોગિતાવાદીઓની આવી માન્યતાને નિરર્થક અને ભ્રામક સાબિત કરી બતાવી.

શ્રી અરવિન્દે માનવવિકાસ ચક્રમાં શુદ્ધ નૈતિકતાને ઉપયોગિતાવાદી નૈતિકતાથી અલગ કરીને સમજાવ્યું કે શુદ્ધ નૈતિકતાને વ્યક્તિની નિજી પ્રકૃતિ સાથે સંબંધ હોય છે, નહીં કે ઉપયોગિતાની સાથે. આવી વ્યક્તિ જ્યારે કોઈ નિર્ણય લે છે અથવા કાર્ય કરે છે, ત્યારે તર્કબુદ્ધિના માર્ગદર્શન હેઠળ તેનો આવો નિર્ણય કે કાર્ય કેટલું ઉપયોગી છે કે નથી તે બાબતની કોઈ જ ચિંતા કરતી નથી. તે હંમેશા પોતાની સહજપ્રેરણા અનુસાર વર્તન કરે છે. આવું વર્તન જ તેને ખરા અર્થમાં સુખ આપી શકે છે.

શ્રીઅરવિન્દે એવી સ્પષ્ટતા કરી આપી છે કે સમષ્ટિના શુભ અથવા કલ્યાણ સાથે સંલગ્ન સુખનું કોઈ ગણિત હોતું નથી. આવું સુખ સરવાળા - બાદબાકીનો નહીં પરંતુ સ્વધર્મનો વિષય છે. આ માર્ગ પર ચાલનાર વ્યક્તિ ક્યારેક ભૂલ કરી બેસે તો પણ તે સ્વીકાર્ય છે. આ સંદર્ભમાં શ્રી અરવિદ ગીતા - ઉપદેશને ટાંકે છે અને કહે છે : ''સ્વધર્મનું પાલન યર્થાથપણે ન થયું હોય તો પણ તે સારો છે, જ્યારે પરધર્મ ગમે તેટલો ઉત્તમ જણાતો હોય તો પણ તે ભયજનક છે.'' સ્વધર્મના માર્ગ પર ચાલનાર વ્યક્તિએ સંજોગવશાત્ ઉઠાવવું પડતું, કહેવાતું દુઃખ પણ તેને માટે તો સુખદાયક જ હોય છે.

શ્રી અરવિન્દ ઉપયોગિતાવાદીઓને એવી શીખ આપે છે કે ઉપયોગિતાવાદ સહિતના જીવનના તમામ આધારભૂત સિદ્ધાંતો છેવટે સર્વોચ્ચ સુખ કે સમષ્ટિનાં કલ્યાણના સિદ્ધાંતમાં સમાઈ જાય છે. તેઓ સમજાવે છે કે સર્વોચ્ચ શુભમાં ઉપયોગિતાવાદી દૃષ્ટિકોણનો સમાવેશ થઈ જાય છે, જ્યારે ઉપયોગિતાવાદ અંતર્ગત સર્વોચ્ચ શુભનો સમાવેશ શક્ય નથી.

શ્રી અરવિન્દ આગળ ચાલતા એમ પણ ઉમેરે છે કે વ્યક્તિની નૈતિક બાબતો સંબંધી માંગ હંમેશા સામાજિક માંગ સાથે તાલમેળ ધરાવતી હોતી નથી. આથી વિપરીત, નીતિપરાયણ વ્યક્તિ અનેક કિસ્સાઓમાં કહેવાતા સામાજિક આદર્શોનો ત્યાગ કરવા કે તેમાં પરિવર્તન લાવવા પ્રયાસ કરે છે, જ્યારે બુદ્ધિપ્રધાન વ્યક્તિ શુદ્ધ નૈતિકતાના ધોરણો અનુસાર ન સ્વીકારી શકાય તેવી બાબતોને પણ તર્કશક્તિની મદદથી નૈતિક ઠરાવવા પ્રયાસ કરે છે પરંતુ શ્રી અરવિન્દ કહે છે કે છેવટના સરવાળે આવા કોઈ પ્રયાસો સફળ થયા નથી અને થઈ શકે પણ નહીં.

શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે મનુષ્યના નૈતિક વિકાસમાં તેનાં નિજ-તત્ત્વ કે ભાગવત્ સત્તા સાથેનો સંબંધ સૌથી વધુ અસરકારક અને ઉપકારક સાબિત થાય છે. આ ભાગવત્ સત્તા જ માનવીને તેના વર્તન - સંબંધી સહજ પ્રેરણા આપે છે. નૈતિક માણસ હંમેશા તેની અંદર રહેલા આદર્શનું અનુસરણ કરે છે, નહીં કે બહારથી લાદવામાં આવતા કોઈ માપદંડનું. શ્રી અરવિન્દ સમજાવે છે કે મનુષ્યને મળતો નૈતિક આદેશ તેના

(પૃ.૨૯ ઉપર)

શ્રી અરવિન્દનું એક અલ્પજ્ઞાત પાસું : પત્રકારત્વ

- પરાશર ત્રિવેદી

મહર્ષિ અરવિન્દ એક યોગી, તત્ત્વચિંતક, દાર્શનિક, કવિ, સાહિત્યકાર તરીકે આખા જગતમાં જાણીતા છે. સારો પત્રકાર એક સમાજ શિક્ષકનું કાર્ય કરે છે. લોકરાશિને એક સુંદર અને પ્રગતિશીલ વળાંક આપે છે. અરવિન્દનું વિવિધ ભાષા ઉપરનું પ્રભુત્વ, સામાજિક અને રાજકીય પરિસ્થિતિનું તત્‌ક્ષણ અવલોકન અને પૃથ્થક્કરણ કરવાની ક્ષમતા, વિષયની ઊંડી સમજ, નીડરતા વગેરે એમની પત્રકાર તરીકેની ક્ષમતાને ઘણી ઉચ્ચ કક્ષામાં લઈ જાય છે.

શ્રી અરવિન્દનાં લખાણો, જે મુખ્યત્વે ''ઇન્દુપ્રકાશ'', ''યુગાંતર'', ''વંદેમાતરમ્'', ''કર્મયોગિન્'' અને ''ધર્મ'' સામયિકોમાં પ્રકાશિત થયાં છે. ૧૮૯૩માં લંડનના સહાધ્યાયી શ્રી કેશવ ગણેશ દેશપાંડે તે વખતે ''ઇન્દુપ્રકાશ'' નામનું દેશને જાગૃત કરતું સાપ્તાહિક બહાર પાડતાં હતાં. તેમાં લેખમાળા લખવા માટે શ્રી અરવિન્દને આમંત્રણ આપ્યું. તેમણે શરત કરી કે શ્રી અરવિન્દનું નામ ન લખવું. આ લેખમાળાનું નામ આપ્યું : ''ન્યૂ લેમ્પ્સ ફોર ઓલ્ડ''. શ્રી અરવિન્દે ઝીરો ઉપનામથી લેખમાળા શરૂ કરી. હજુ તો બે જ હપ્તા પ્રગટ થયા અને રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો !

''ઇન્દુપ્રકાશ''માં છપાએલાં લેખો એટલા ઉગ્ર અને ધગધગતા જ્વાળામુખી જેવા હતાં કે શ્રી મહાદેવ ગોવિંદ રાનડેએ કહેવડાવ્યું કે, ''આવા ક્રાંતિકારી લેખો ન લખો'' બંગાળના રાષ્ટ્રીવાદી નેતા બિપિનચંદ્ર પાલે ''વંદેમાતરમ્'' નામનું દૈનિક શરૂ કર્યું. દૈનિક સહતંત્રી તરીકે શ્રી અરવિન્દને આમંત્રણ આપ્યું. ''વંદેમાતરમ્'' રાષ્ટ્રમુક્તિની ઝંખના સાથે રાષ્ટ્રભક્તિ પણ પ્રજાનાં હૃદયમાં જગાડી.''

''બ્રિટિશ રાજ્યે સ્થાપેલી છેલ્લાં પચાસ વર્ષની શાંતિ કે કબરમાંના સડાને ઢાંકી રાખતા શાંત અને લીલાછમ ફૂલોની શાંતિ છે.''

''જગત અને આત્માનો સુસંવાદ કેવી રીતે મેળવવો તે વાત પૃથ્વીની પ્રજાઓને હિંદ ફરી એકવાર શીખવશે.'' લંડનના ''ટાઈમ્સ'' વર્તમાનપત્રમાં તેના ઉતારા પ્રગટ થતાં હતાં. ''એનાં મુખ્ય લેખોની ઝલક અને તીખાશવાળી અંગ્રેજી ભાષા હિંદનાં છાપાંઓમાં પહેલાં કદી જોવામાં આવી ન હતી. રાષ્ટ્રીય ઉદ્દામવાદી પક્ષની સૌથી અસરકારક વાણી ''વદેમાતરમ્'' હતું.

શ્રી અરવિન્દની '' વંદેમાતરમ્''માં લખાયેલી લેખમાળા અંગે બંગાળમાં એક ''સંધ્યા'' સામયિકનાં તંત્રી શ્રી બ્રહ્મબાંધવ ઉપાધ્યાયે લખ્યું કે, ''તમે કદી શ્રી અરવિન્દને જોયા છે ? પૂર્ણ ધવલતાનાં કમલને હિંદના માનસરોવરમાં નિહાળ્યું છે ? એમની કોટિની વ્યક્તિ, આવો એક સંપૂર્ણ અને સાચો મનુષ્ય, ગાજતા મેઘ જેવો, અગ્નિથી સભર અને છતાં કમળની પાંખડી જેવો સુંદર અને સુકોમળ, જ્ઞાનથી મહાસમુદ્ર અને ધ્યાનમાં સુસ્થિત તમને ત્રિલોકમાં પણ મળનાર નથી.''

શ્રી અરવિન્દ એવી કુશળતાથી લેખો લખતાં કે તેની એક એક લીટીમાંથી રાજદ્રોહ (બ્રિટિશ સરકાર સામે) ડોકિયાં કરતો પણ ભાષાનાં પ્રભુત્વને કારણે તેમની સામે કશુંય કાયદેસરનું પગલું ભરી શકતું ન હતું. ''માંચેસ્ટર ગાર્ડિયને'' લખ્યું કે, ''અમે શ્રી અરવિન્દને એક ક્રાંતિકારી રાષ્ટ્રવાદી તરીકે અગ્નિઝરતા સંપાદક તરીકે ઓળખીએ છીએ.''

''મારા દેશવાસીઓને ખુલ્લો પત્ર'' એમ ''કર્મયોગીન''માં લખ્યો. અને સરકાર શ્રી અરવિન્દને પકડે કે હદપાર કરે તો દેશવાસીઓએ શું કરવું ? તે જણાવ્યું. બ્રિટિશ સરકાર હાલી ગઈ - એક પ્રખર કટારલેખક પોતાનાં શબ્દોથી શું શું કરી શકે છે ? તેનો આ દાખલો છે.

''સત્તા નહીં તો સમાધાન નહીં.''નું નવું સૂત્ર પ્રજાને આપ્યું અને તે અંગેનો લેખ લખ્યો. છેલ્લે શ્રી અરવિન્દે કલકત્તા છોડતાં પહેલાં ''કર્મયોગીન્'' અને ''ધર્મ'' સાપ્તાહિકો ચાલુ રહે તે માટે તેનું સંચાલન ભગિની નિવેદિતાને સોંપી દીધું. આમ પત્રકારત્વનાં ઉચ્ચ શિખરો સર કરી શ્રી અરવિન્દે પૂર્ણયોગનો રસ્તો લીધો.

(પૃ. ૩ ઉપરથી)

પ્રાર્થનાઓ અને ધ્યાન

તત્ત્વ તેના અણુઓનું બનેલું હોય છે. અણુ જો પ્રભુ સાથે એકરૂપ થશે, તો ધીમે ધીમે તે તત્ત્વ પણ પ્રભુને સમર્પિત રહેતા શીખશે. જો તત્ત્વ પ્રભુને સમર્પિત થશે તો તેનું બનેલું વિશ્વ પણ પ્રભુને સમર્પિત બનતા શીખશે. તેથી માતાજી પ્રભુને પ્રાર્થે છે કે વધુ ને વધુ અણુ પ્રભુપ્રેમ ઉપર જીવતા થાય; વધુ ને વધુ વિશ્વો પ્રભુપ્રેમ ઉપર જીવતા થાય, જેથી અંતે સમગ્ર બ્રહ્માંડ પ્રભુપ્રેમ ઉપર જ જીવે.

પ્રભુનો તેવો જ સંકલ્પ છે અને તે પ્રભુનો સંકલ્પ હોવાથી સિદ્ધ થવાનો જ છે. પ્રશ્ન છે ફક્ત કાળનો. જેમ જેમ ઉત્ક્રાંતિ આગળ વધશે તેમ તેમ આના વધુ નજીક આપણે જશું એની માતાજીને ખાતરી છે.

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

ગુડાકેશ અશ્વપતિ

પ્રકરણ - ૧૦૩

(Savitri B-1, C-3, P - 40-41)

The seed of the Spirit's blind and huge desire
From which the tree of cosmos was conceived
And spread its magic arms through a dream of space.

અશ્વપતિને પ્રજ્ઞા-શક્તિ જે જગતનું જ્ઞાન મેળવવાની ક્ષમતા રાખે છે, તેનું રહસ્ય જાણવાની ઇચ્છા થઈ. પ્રજ્ઞા તાદાત્મ્યદ્વારા વસ્તુઓના સત્યને જાણી શકે છે, પણ તાદાત્મ્યભાવમાં એવું શું છે જે તેને આવી અદ્‌ભુત ક્ષમતા બક્ષે છે ?

અને અશ્વપતિ પ્રજ્ઞાએ તેની સામે એક અનેરું દર્શન, એક અદ્‌ભુત દૃશ્ય, એક દિવ્ય-દૃષ્ટિ ખડી કરી દીધી, જે પ્રજ્ઞાની ક્ષમતાનો જ એક પ્રકાર છે.

અશ્વપતિને પોતાના ચૈત્યપુરુષનાં તળિયે એક, તે ચૈત્યપુરુષના પણ - સારરૂપ કોઈ પ્રકાશમય તત્ત્વ દેખાયું. તે પ્રભુની હાજરી-સ્વરૂપ પ્રકાશ હતો. તે પરમ-ચેતનાનો જ અંશ તો તે જીવાત્મા હોય છે. જીવાત્મા એવી ચેતના છે જે પરમપ્રભુ સાથે એકરૂપ હોય છે. તે એકરૂપતાને કારણે તે પોતાને પણ અસીમ ચેતના તરીકે અનુભવે છે, નિરાકારતાને પણ અનુભવે છે. નિર્ગુણતાને પણ અનુભવે છે; પોતાને નામરૂપથી પર માને છે. પોતે શુદ્ધ સાક્ષીરૂપ છે એ પણ અનુભવે છે અને છતાં તેણે પરમપ્રભુનાં અનંતરૂપે પ્રગટ થવાનાં આદિ-સંકલ્પના એક પાસાને પોતામાં ધારણ કરેલ હોય છે. તેને તે અનુસાર ખાસ રૂપે પ્રગટ થવાનું છે. આ જ સંસારવૃક્ષનું બીજ છે- "Seed" છે. આ બીજના સ્વરૂપ બાબત ચૈત્યપુરુષ સમગ્ર રીતે પ્રથમથી જ જાણતો હોય છે. તેને વખતોવખત પ્રેરણા સ્વરૂપે માર્ગદર્શન મળે છે અને તે મેળવવા તે સતત અહર્નિશ પરમ-પ્રભુનાં પ્રતિનિધિ સ્વરૂપ જીવાત્મા પ્રત્યે ઢળેલો હોય છે, સમર્પિત હોય છે. તેના વિકાસની પ્રક્રિયાનો અધ્યક્ષ જીવાત્મા હોય છે. તેની હાજરી જ ચૈત્યપુરુષને સક્રિય રાખે

છે. તે સંકલ્પને ચૈત્યપુરુષ સમગ્રતાથી જાણતો હોવા છતાં સાધકનાં મન, પ્રાણ, શરીર જાણતાં ન હોવાથી તે તેમને અજ્ઞાત અથવા "blind" લાગે છે. તે સંકલ્પની જીવનમાંની ભવ્યતા અને મહત્તાથી પણ તેઓ અજાણ છે. શ્રી અરવિન્દ તે માટે "huge" શબ્દ વાપરે છે.

આ સંકલ્પરૂપી બીજમાંથી જ આ સંસારવૃક્ષ નિર્માણ થયું છે. કેવી રીતે નિર્માણ થયું ? તો જણાવવામાં આવે છે કે જેમ સ્વપ્ન-સૃષ્ટિ સ્વપ્નમાં પ્રદેશમાં પાંગરે તેમ પરમચેતનાના ચેતોવિસ્તારમાં જ આ સંસારનું જાણે સ્વપ્ન પ્રભુએ રચ્યું છે ! ગીતાના પંદરમા અધ્યાયની શરૂઆત આવા વર્ણનથી જ શરૂ થાય છે. પ્રભુ જાણે નજરબંધીનો ખેલ, સંમોહન-વિદ્યાનો ખેલ ખેલી રહ્યો છે અને તે પણ પોતા ઉપર જ ! તે તેની જાણે સંમોહનની રમત છે, લીલા માટે.

Immense realities took on a shape;
There looked out from the shadow of the unknown
The bodiless Namelessness that saw God born
And tries to gain from the mortal's mind and soul
A deathless body and a divine name.

અને સંસાર-રચનાની ભવ્ય પ્રક્રિયાનો આરંભ થયો. પહેલાં બ્રહ્માંડવ્યાપી તત્ત્વો રચાવાની શરૂઆત થઈ. સાંખ્ય તેને જ 'મહત્' (immense) કહે છે. અદિતિસ્વરૂપ આદિ-સંકલ્પમાંથી જ માહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનાં રૂપો અને શક્તિઓના અજસ્ર પ્રવાહો શરૂ થયાં. માહેશ્વરીએ આદિ-સંકલ્પને આ આવિર્ભાવ પ્રક્રિયામાં મૂકી તે માટેનું સમગ્ર આયોજન કર્યું, micro planning કરવામાં આવ્યું. તે જ્ઞાન-શક્તિ તરીકે આવિર્ભાવ પામ્યા. મહાકાળીએ આ આયોજનમાં આવતા અવરોધોને નિવારવાની અને આયોજનને ગતિ આપવાનું સ્વીકાર્યું. તે સંરક્ષણ-શક્તિ તરીકે આવિર્ભાવ પામ્યાં. મહાલક્ષ્મીએ પોષણ આપી ઘટકોને સમાન-લયે વિકસાવવાનું co-ordirationનું કાર્ય કર્યું. તે પોષણ-શક્તિ તરીકે આવિર્ભાવ પામ્યાં. મહા-સરસ્વતીએ અંતિમ-કક્ષાનું micro - execution કરીને બધાં ઘટકોને પૂર્ણતા બક્ષી તે સર્જન-શક્તિ કે કાર્યશક્તિ તરીકે વિકાસ પામ્યાં. આ ચારે અદિતિનાં જ ચાર પાસાં ગણાય છે.

માતાજીનાં પ્રતીકમાંનું કેન્દ્રસ્થ બિન્દુ અદિતિ છે. ચાર પાંખડીઓ આ જગતધાત્રીઓ છે, માતૃકાઓ છે. બાર પાંખડીઓ આ ચાર માતૃકાઓમાંથી પ્રગટ થતાં બાર વૈશ્વિક કિરણો છે, બાર આદિત્યો છે - દ્વાદ્દશ-આદિત્યો છે જે બાર સૌર-શક્તિ સ્વરૂપે 'સાવિત્રી' તરીકે ગીતામાં જણાવેલી અને માતાજીએ વર્ણવેલી બાર દૈવી-સંપત્ અર્થાત્

દિવ્ય-ગુણો નિર્માણ કરે છે. બહારનું વર્તુળ આ 'ભૂપૂર' અર્થાત્ ભૌતિક સ્તર છે જેની મારફત આ દૈવી-ગુણોથી યુક્ત ચૈત્યપુરુષ ભૌતિક દેહ દ્વારા પ્રગટ થવાનો છે.

ઉપરની ચાર માતૃ-શક્તિઓ અને બાર દૈવી-ગુણો ચૈત્યસ્વરૂપમાં બીજસ્વરૂપે રહેલાં જ છે. આવી રીતે અવ્યક્તમાંથી આ બધાં ભવ્ય તત્ત્વો વ્યક્ત થવા માંડ્યાં. જાણે અંધકારમાંથી અજવાળામાં આવ્યાં !

આ બધાંમાંથી જ દિવ્યપ્રકૃતિ રચાઈ છે, પરાપ્રકૃતિ રચાઈ છે. તે પ્રકાશમય છે તેમાં પેલા અશરીરી અને અનામી પરમપ્રભુએ પોતાને શરીરધારી અને નામી કરવાનો પ્રયત્ન આદર્યો - તેનું પ્રથમ પગલું એટલે જીવાત્માનો આવિર્ભાવ. બીજું પગલું ચૈત્યપુરુષનો આવિર્ભાવ. તે માટે દિવ્યપ્રકૃતિમાં જીવાત્માએ પોતાની પ્રતિનિધિરૂપ ચૈત્યપુરુષને રચ્યો. ચૈત્યપુરુષ એ જ પરમ-પ્રભુએ લીધેલું વ્યક્તિ-સ્વરૂપ છે.

આ ચૈત્યપુરુષરૂપી વ્યક્તિસ્વરૂપે જ નામરૂપ ધારણ કરવાં અહંકારરૂપી પોતાનું પ્રતિબિંબ અપરા પ્રકૃતિમાં પાડ્યું અને નામરૂપ ધારણ કર્યાં. અપરા પ્રકૃતિ એટલે જ મન, પ્રાણ, શરીર અથવા મનોમય, પ્રાણમય અને અન્નમય કોષ (શારીરિક-કોષ), પણ આ દૂષિત તત્ત્વો મલિન હોવાથી અને તેથી તેમની વિકાસ ક્ષમતા ઓછી હોવાથી તેમનો ત્યાગ ચૈત્યપુરુષને વારંવાર મૃત્યુદ્વારા કરવો પડે છે અને જન્મદ્વારા નવા વિકસિત કોષો ધારણ કરવાં પડે છે. તેઓ મર્ત્ય છે, કારણ તેઓ શુદ્ધ નથી.

પણ ચૈત્યપુરુષ તેમનું રૂપાંતર કરીને તેમને અમર કરવાની કીમીયા જાણે છે તેમ જ પોતાનું દિવ્યસ્વરૂપ પ્રાપ્ત કરવાનું પણ જાણે છે.

The immobile lips, the geat surreal wings,
The visage masked by superconscient sleep,
The eyes with their closed lids that see all things,
Appeared of the Architect who builds in trance.

ચૈત્યપુરુષ નિમ્ન-પ્રકૃતિ ઉપર જે કાર્ય કરે છે તેની રીત અદ્‌ભુત હોય છે. ચૈત્યપુરુષની કક્ષાએ આપણી જેમ જુદી જુદી ઈન્દ્રિયો જ નથી - જ્ઞાનેન્દ્રિય પણ નહિ અને કર્મેન્દ્રિય પણ નહિ. ચૈત્યપુરુષ પ્રકાશસ્વરૂપ છે અને તે પ્રકાશમાં જ બધી જ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયોની ક્ષમતાઓ એકરસ થઈને રહેલ છે. તેને નથી આંખો છતાં જોય છે, નથી કાન તથા સાંભળે છે, નથી જીભ તથા સ્વાદ માણે છે, નથી હાથ પગ છતાં કાર્ય કરે છે. તે તો ઉપનિષદની ભાષામાં 'અપાદપાણિ' છે, હાથપગ વગરનો છે.

તો પછી તે કેવી રીતે કામ કરે છે ? તેની પાસે 'પ્રજ્ઞા' છે. પ્રજ્ઞાની ક્ષમતા તેને જીવાત્મારૂપી હાજરીમાંથી જાણે વારસામાં મળેલ છે. જીવાત્મા પરમ-ચેતના સાથેની એકરૂપતાના કારણે આ પ્રજ્ઞા-શક્તિને વિકસાવી શક્યો છે. ચૈત્યપુરુષ પોતાને

પરમાત્માનો અંશ સમજે છે. તેનો ભાવ અંશ-અંશીનો છે. જીવાત્માનો ભાવ એકરૂપતાનો છે. તેમાં અંશ-અંશીના ભાવનાં બીજમાત્ર છે, જે ચૈત્યપુરુષની કક્ષાએ પૂર્ણ વિકાસ પામ્યો છે.

પ્રજ્ઞાશક્તિને કારણે જ ચૈત્યપુરુષ પ્રજ્ઞા ધરાવતો 'પ્રાજ્ઞ' કહેવાય છે. તે ચૈત્યપુરુષ સુષુપ્તિ અવસ્થામાં અપરાપ્રકૃતિ શાંત થઈ જવાથી પ્રગટ થાય છે, તેથી સુષુપ્તિ અવસ્થાની ચેતનાને 'પ્રાજ્ઞ' કહેવાની પ્રથા પડી ગઈ છે. પ્રાજ્ઞ એટલે પ્રજ્ઞાવંત. લોકો 'પ્રકર્ષેણ અજ્ઞઃ' આ અર્થ લે છે તે ફક્ત બાહ્ય - ચેતનાના સંદર્ભમાં જ સાચો છે. ત્યાં બાહ્ય-ચેતના અજ્ઞાનમાં-તંદ્રામાં ડૂબી જાય છે અને આ અર્થમાં પ્રાજ્ઞ બને છે. ચૈત્યપુરુષના ભૌતિક હોઠ બીડાએલાં હોય છે અર્થાત્ સુષુપ્તિમાં, તેને ગૂઢતમ પ્રજ્ઞાની પાંખો ફૂટે છે. પ્રજ્ઞાશક્તિ સક્રિય બની કામ કરે છે. "Surrealism" સાહિત્યક્ષેત્રનો શબ્દ છે. તેમાં કથાનાં પાત્રનાં બાહ્ય વર્તન કરતાં અવચેતનમાં, અંદર ચાલતી પ્રક્રિયાને વર્ણવવામાં આવે છે. તેની આંતરિક-ચેતનાને પ્રગટ કરવામાં આવે છે. અહીં ચૈત્યપુરુષની આંતરિક ચેતના એટલે તેમાં રહેલો સાચા અર્થનો 'પ્રાજ્ઞ' - પ્રજ્ઞાવાન પુરુષ. તેનાં કાર્યો જોવામાં આવે છે. જ્યારે પ્રજ્ઞા જાગૃત હોય છે, એકાગ્ર હોય છે; તેથી તે પરમ-ચેતના સાથે એકરૂપ થઈને સમાધિમાં લયલીન હોય છે - tranceમાં હોય છે. તેને જ શ્રી અરવિન્દ supperconscient sleep કહે છે. આ શબ્દ વશિષ્ઠે રામને આપેલા યોગવાશિષ્ઠય ગ્રંથમાંનાં ઉપદેશમાં વપરાએલો છે, ત્યાં તેને જાગૃતસુષુપ્તિ અથવા તુરીય અવસ્થા કહી છે.

તુરીય એટલે જાગૃત-સ્વપ્ન-સુષુપ્તિની ત્રણે અવસ્થાઓ પાર કર્યા પછી પ્રાપ્ત થતી ઊર્ધ્વમાંની અવસ્થા. તુરીય એટલે પેલેપારની સ્થિતિ. Superconscient State. તે ચેતનામાં જવાની પાંખો ચૈત્યપુરુષને ફૂટે છે, પણ તે ચૈત્યપુરુષનું બાહ્ય જડ શરીરરૂપી આવરણ, બાહ્ય ચેહરો (visage) યથાવત્ રહે છે. જો કે તેમાં પરા-ચેતના પ્રગટ થવા પ્રયત્ન કરતી હોય છે. ત્યાં પ્રજ્ઞા પોતાની દર્શન-શક્તિથી ઘણુંબધું ગૂઢ જોતી હોય છે. ભૌતિક આંખોનાં પોપચાં બંધ હોય છે, પણ આ પ્રજ્ઞાની ત્રીજી આંખ - 'શિવ-નેત્ર' ખૂલી જાય છે, જે બધું જ જોતી હોય છે. આવી તંદ્રામાં ચૈત્યપુરુષરૂપી સ્થપતિ - આર્કિટેક્ટ પોતાના સ્વરૂપનું ઘડતર કરવામાં મગ્ન હોય છે.

અશ્વપતિ આ સુષુપ્તિમાંની ગૂઢ-પ્રક્રિયાથી વાકેફ બન્યો. તે અર્જુનની જેમ 'ગુડાકેશ' બની ગયો. ગુડાકેશ એટલે ઊંઘને જીતનાર, ઊંઘમાં સભાન બનનાર.

- માનસિંહ ચાવડા

પરા અને અપરાવિદ્યા

પ્રકરણ-૨૮

ઈશોપનિષદ (૯-૧૧)

ઈશોપનિષદમાં ઋષિ યાજ્ઞવલ્કય એક ભવ્ય પરંપરાનો ઉલ્લેખ કરે છે. પ્રાચીનકાળથી આ પરંપરા શરૂ છે અને પેઢી દર પેઢી તે સમજાવવામાં આવે છે.

બે પ્રકારની વિદ્યાઓ માનવોએ ઉપાસવી જોઈએ. પ્રથમ વિદ્યા છે ભૌતિક વિદ્યાઓ. તે જીવનને સુખી કરવાની છે. બીજી વિદ્યા એ આત્માનો સાક્ષાત્કાર કરાવનારી છે અને તે અમરતા બક્ષે છે. પણ વડીલોએ જે વિદ્યા મુક્તિ આપે તેને જ સાચી વિદ્યા ગણી છે (સા વિદ્યા યા વિમુક્તયે) તેથી પ્રથમ વિદ્યાને અવિદ્યા કહ્યું છે અને બીજીને સાચી વિદ્યા. બન્નેનાં ફળ ઉપર જણાવ્યા મુજબ ભિન્ન ભિન્ન છે. અવિદ્યા અથવા અપરા વિદ્યા (અપરા એટલે બીજી કક્ષાની વિદ્યા) માનવને ભૌતિક જીવનને સુખી કરવામાં મદદરૂપ થાય છે. ભૌતિક વિદ્યાઓ જીવનને સમૃદ્ધ કરે છે, તેથી જીવનમાંની મૃત્યુતુલ્ય વિપત્તિઓ અને દુઃખોમાંથી છુટકારો થાય છે અથવા તેમાં થોડી રાહત મળે છે પણ તે કાયમી સ્વરૂપનો છુટકારો હોતો નથી. વિદ્યા અથવા પરાવિદ્યા (પ્રથમ શ્રેષ્ઠ વિદ્યા)થી આત્માનું જ્ઞાન મળવાથી આત્માની અમરતામાં સહભાગી થવાય છે. દિવ્યજીવન જીવાય છે. યાતનાનો કાયમી ઉકેલ આવી જાય છે.

યાજ્ઞવલ્કય ઋષિ ફક્ત આત્મ સાક્ષાત્કારને જ મહત્ત્વ નથી આપતા. તેઓ ભૌતિક જીવન અને આત્મિક જીવન બન્નેને સમૃદ્ધ, સુખી કરવા માંગે છે; તેથી બન્ને વિદ્યા શીખી લેવી જરૂરી છે એમ જણાવે છે.

જે અધ્યાત્મ વિદ્યા તરફ ધ્યાન ન આપતાં ફક્ત ભૌતિક વિદ્યામાં જ મંડ્યા રહે છે અને પોતાના જીવનનું કલ્યાણ થશે એમ માને છે, તેઓના જીવનમાંનો અંધકાર તો વધારે ઘેરો બની તેમને સાચી અધ્યાત્મ વિદ્યા તરફ આંધળા કરી દે છે. બીજી બાજુ જે ફક્ત અધ્યાત્મ વિદ્યા તરફ જે ધ્યાન આપે છે અને ભૌતિક-જીવનને સુખમય કરનારી ભૌતિક વિદ્યાઓ તરફ વળતાં જ નથી, એ તેઓ તેથી પણ વધારે આંધળા કરી મૂકનાર અંધકારમાં પ્રવેશે છે. તેમના મતે ભૌતિક - જીવન આપત્તિરૂપ લાગે છે. પણ પ્રભુને તો ભૌતિક- જીવન દ્વારા પોતાને પ્રગટ કરવા છે. તેથી તેઓ પ્રભુના સંકલ્પવિરોધી બની

(પૃ.૪૮ ઉપર)

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૧

આંતર-ચેતનાનું કાર્ય

(ભા.૧, પૃ.૩૮૬-૩૯૨)

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ પ્રાણમય શારીરિક બળો ગમે તે જગ્યાએથી શરીર ગ્રહણ કરી શકે છે. પૃ.૩૮૫

૨ પ્રાણશક્તિ એટલે જીવન-શક્તિ. પૃ.૩૮૬

૩ પ્રાણ..... જેટલો મદદગાર થઈ શકે તેટલો જ નુકસાનકારક પણ છે. પૃ.૩૮૬

૪ આપણા સ્વરૂપની દરેક ભૂમિકાને..... મન, પ્રાણ તથા શરીરને તેની પોતાની ચેતના છે. પૃ.૩૮૭

૫ પ્રકૃતિની એક વિશ્વરૂપ સ્થૂળ ચેતના છે. પૃ.૩૮૭

૬ આંતર શબ્દ બે ભિન્ન અર્થમાં વપરાયેલો છે, બાહ્ય સ્વરૂપના બુરખાની પાછળનો - જે વિશ્વરૂપ મન, વિશ્વરૂપ પ્રાણ અને વિશ્વરૂપ શારીરિક બળોના પ્રત્યક્ષ સંપર્કમાં છે. (બીજો) સાચી મનોમય, સાચી પ્રાણમય, સાચી શારીરિક ચેતના કહીએ છીએ. પૃ.૩૯૦

૭ આપણે આંતર - શારીરિક ચેતનાનો વિકાસ કરીએ તો..... વાતાવરણની આરપાર આવતા માંદગીનાં બળોને અનુભવીએ છીએ. પૃ.૩૯૧

૮ જો આપણે શારીરિક ચેતનામાં સભાન હોઈએ તો..... આપણે શરીર, અવયવો, નાડીઓ..... મારફતે પ્રકાશ તથા આનંદની શક્તિનો સ્રોત વહેતો અનુભવી શકીએ. પૃ.૩૯૨

શરીર પ્રાણશક્તિને ક્યાંથી ગ્રહણ કરે છે તેના જવાબમાં શ્રી અરવિન્દે જણાવેલું કે શરીરનો પ્રત્યેક કોષ સીધે સીધી પ્રાણશક્તિ ચારે તરફથી સ્વીકારે છે એમ કહેવું યોગ્ય થશે.

પ્રાણ-શક્તિ એટલે જીવન-શક્તિ. જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં પ્રાણશક્તિ છે જ, પણ તેનો અર્થ જડ પદાર્થમાં પ્રાણશક્તિ નથી એવો થતો નથી. જડ પદાર્થમાં જીવન-શક્તિને વ્યક્ત થવાનું માધ્યમ નથી એ જ સમસ્યા છે. જડ પદાર્થમાં પણ પ્રાણશક્તિ છે જ.

પ્રાણ સાધનામાં જેટલો જરૂરી છે તેટલો જ અવરોધક પણ બની શકે છે. ઊર્ધ્વ-પ્રાણ સાધનામાં મદદરૂપ છે, નિમ્નપ્રાણ અવરોધરૂપ. આવેગો, વાસનાવાળો પ્રાણ પણ અવરોધક બને છે.

પ્રાણમયશક્તિ પ્રાણમય-સ્વરૂપ દ્વારા વધારે પ્રગટ થાય છે. તેવું જ મન અને શરીર બાબતમાં પણ છે.

એકંદરે આપણા સ્વરૂપનાં મન, પ્રાણ, શરીરને પોતાની જાણે અલગ સ્વતંત્ર ચેતના છે એવું લાગે છે, છતાં તે બધી એકબીજા સાથે સંકળાયેલી હોય છે. ચૈત્યપુરુષ જ તેમનું યોગ્ય સંકલન કરે છે.

સાધનામાં દરેક તત્ત્વની તેની અલગ - ચેતના બાબત સભાન બનવું જરૂરી છે. દા.ત. શરીર પોતાની ચેતનાથી આપણી જાણ વગર શરીરના અંદરની બધી પ્રક્રિયાઓ કરે છે. યોગીએ તે બાબત સભાન બનવાની જરૂર છે. અવચેતન ઉપર પણ યોગીએ અંતે કાબૂ મેળવવાનો છે. આપણા દરેક સ્તરે વ્યક્તિરૂપ બનેલી ચેતના ખરેખર તો દરેક સ્તરની વૈશ્વિક-ચેતનાનો એક ભાગ માત્ર હોય છે.

સમગ્ર પ્રકૃતિની એક સ્થૂળ ચેતના પણ છે અને આપણી સ્થૂળ ચેતના તેનો જ એક ભાગ છે. તેની દ્વારા આપણે સમગ્ર સ્થૂળ પ્રકૃતિ સાથે વ્યવહાર કરી શકીએ છીએ આને શારીરિક -ચેતના કહે છે. તે ચેતનાની બીજી ભૂમિકાઓ ઉપરથી શક્તિ અને પ્રભાવો સ્વીકારે છે અને તેની મદદથી પોતાની બાંધણી કરે છે. તે રીતે જ તેણે પ્રાણશક્તિનો પ્રભાવ ઝીલી નાડીતંત્રની રચના કરી છે. તેવી જ રીતે મનનો પ્રભાવ સ્વીકારીને સ્થૂળ મનની તેણે રચના કરી છે, જે ભૌતિક જીવનની ભૌતિક વસ્તુઓમાં જ અટવાએલું હોય છે. તેને ઊર્ધ્વ બળો બાબતનું જ્ઞાન હોતું જ નથી અને તે બાબત શંકા સેવે છે. અધ્યાત્મિક અનુભૂતિઓને તે સમજી જ શકતું નથી અને તેથી તેને ભૂલી જાય છે.

તેથી આવા સ્થૂળ મનને ઊર્ધ્વ પ્રાણમય અને મનોમય શક્તિથી પ્રકાશિત કરીને જ સંસ્કૃતિ અને શિષ્ટતાનો વિકાસ સધાય છે. યોગમાં તો અતિમનસ અને આધ્યાત્મિક શક્તિઓનો પણ પ્રભાવ આ સ્થૂળ મને સ્વીકારવો જરૂરી છે. સ્થૂળ મન, એટલે શારીરિક મન. શારીરિક પ્રાણ એ નાડીતંત્રમાં (Nervous System) સંવેદના- વહનનું કાર્ય કરે છે અને તેના પ્રત્યાઘાતોને વ્યક્ત કરવાનું કાર્ય કરે છે. તેના આ ઉગ્ર, અવિચારી, વિકારમય પ્રત્યાઘાતો સાધનાની મૂળ મુશ્કેલી છે. આ શારીરિક

પ્રાણે પણ આધ્યાત્મિક પ્રકાશ ધારણ કરી, નિર્લેપતામાં, વિશાળતામાં, સમતામાં સ્થિર થવાનું છે.

આપણા શરીરની પોતાની શુદ્ધ શારીરિક ચેતના પણ છે જે પ્રાણમય શારીરિક અને મનોમય - શારીરિકથી અલગ પ્રકારની છે. પણ તે પ્રાણમય અને મનોમય પ્રવૃત્તિઓ નીચે ઢંકાએલી હોવાથી તેનું સ્વતંત્ર અસ્તિત્વ જણાતું નથી. સપાટી ઉપરની ચેતના કરતાં નીચે ઢંકાએલી (પૃષ્ટસ્થ) ચેતનાનો પ્રદેશ ખૂબ જ વિશાળ છે. તેને ગુહ્યજ્ઞાનથી જ જાણી શકાય છે. મૃતાત્માઓના અસ્તિત્વના સ્વીકાર સાથે આ બાબત વિજ્ઞાને પણ જાણવાની શરૂઆત કરી છે. અવચેતન અને અચેતન તેનો જ ભાગ છે. પણ તે ચેતના પણ આપણને અર્ધજાગૃત અને સંપૂર્ણ સુષુપ્ત લાગે છે, પણ ખરેખર તે સદાજાગૃત પ્રજ્ઞાશક્તિ છે; જે પડદા પાછળ રહીને કામ કરવા હાલના તબક્કે ઇચ્છે છે.

આ પૃષ્ટસ્થ ચેતનાના જાગૃત ચેતનાના લગોલગના ભાગને આંતર-ચેતના કહે છે અને તળિયાના ભાગને કેન્દ્રસ્થ ચેતના કહે છે.

આંતર ચેતનાનાં પણ મનોમય, પ્રાણમય, પાર્થિવ સ્તરો છે. અહીં આંતર ચેતનાનાં સ્તરોને આંતર બે અર્થમાં કહેવામાં આવે છે :

૧) તે આંતરિક કક્ષાએ શુદ્ધ સ્વરૂપમાં હોય છે તે અર્થમાં તેમાં શુદ્ધ મન, શુદ્ધ પ્રાણ અને શુદ્ધ પાર્થિવતત્ત્વ આવે છે.

૨) દરેક તત્ત્વનાં બે સ્વરૂપો છે - વ્યક્તિગત અને વૈશ્વિક. વૈશ્વિક સ્તર બાબત આપણે સભાન હોતા નથી, પણ આપણા વ્યક્તિગત સ્તર બાબત સભાન હોઈએ છીએ. તેથી આ વૈશ્વિક - સ્તરને 'આંતર' શબ્દથી વ્યક્તિગત કરતા અલગ પાડવામાં આવ્યું છે. આમ આંતર શબ્દના અહીં બે અર્થ છે : (૧) શુદ્ધ સ્વરૂપ (૨) વૈશ્વિક સ્વરૂપ.

આંતર - પ્રકૃતિ બાબત સભાન બન્યા વગર યોગમાં પ્રવેશ મળતો જ નથી. આંતર - સ્વરૂપ જ ચેતનાની મર્યાદાઓ ભાંગી તેને વિશાળ કરવા સમર્થ છે અને તેથી પ્રભુના પ્રકાશનો સ્પર્શ તે જ પામી શકે છે. બાહ્ય તત્ત્વોના રૂપાંતર માટે કેન્દ્રિય - ચેતના અને બાહ્ય - ચેતનાને જોડનાર આંતર - ચેતના એ મધ્યસ્થ છે.

આ વસ્તુ નીચેના બે દાખલા ઉપરથી સમજી લેવી જરૂરી છે :

(૧) વિશ્વશક્તિઓના સંપર્કનો દાખલો નીચે મુજબનો છે. ફક્ત બાહ્ય શારીરિક - ચેતનામાં રહેનાર વ્યક્તિને રોગનો હુમલો થયા પછી જ રોગની જાણ થાય છે, જ્યારે આંતર - ચેતનામાં જાગૃત વ્યક્તિને આંતર - શારીરિક દ્વારા રોગનાં

આંદોલનો તેના ઑરામાં પ્રવેશતાં જ તેના આગમનનાં સંવેદનો જાગવાં માંડે છે. આપણે ગૂઢજ્ઞાન ધરાવતા હોઈએ તો તેનો પ્રતિકાર કરી રોગને પ્રવેશવા જ દેતા નથી. ઑરામાં પણ સંવેદના-વાહક સૂક્ષ્મ નાડીતંત્રની જાળ ફેલાએલી હોવાથી આ અગમચેતી મળતી હોય છે. સારાંશ, વિશ્વ-શક્તિઓના આપણી ઉપર થતાં સંપર્કો બાબત આપણે સભાન બનીએ છીએ.

(૨) પ્રભુ સાથેના સંપર્કનો દાખલો. દિવ્ય પ્રકાશ, દિવ્ય-આનંદ; આ બધાં પ્રભુનાં જ સ્વરૂપો છે. તેમના સંપર્કને જ પ્રભુનો સંપર્ક ગણવામાં આવે છે. આપણે બાહ્ય ચેતનામાં જીવતા હોઈએ ત્યારે પણ આ દિવ્ય-શક્તિઓ આપણામાં અવતરણ પામી પોતાનું દિવ્ય-કાર્ય કરતાં જ હોય છે પણ તે બાબત વ્યક્તિ સભાન બનતી નથી. પણ તે આંતરસ્વરૂપમાં સભાન બની જીવતો હોય તો તે આ શક્તિઓનાં અવતરણોનો તેને સ્પષ્ટ અનુભવ આવે છે અને તે મનમાં વિશુદ્ધિ, પ્રાણમાં આનંદ અને શારીરિકમાં સુખશાંતિ તરીકે અનુભવાય છે, એટલું જ નહિ; તેમનો એક તીવ્ર પ્રવાહ, ઈલેક્ટ્રીકના પ્રવાહની જેમ વહેતો આપણે અનુભવી શકીએ છીએ. આવે વખતે જ પ્રભુની હાજરી પ્રખર રીતે અનુભવાતી હોય છે.

(પૃ. ૩૭ ઉપરથી) **સૂક્ષ્મ જગતનાં - અજાણ ઋણાનુબંધો**

''હું વહેવા માંડું છું. આવું છું, મા ભગવતી, આવું છું તારા હૂંફાળા હૃદયમાં. તું મને જ્યાં જ્યાં લઈ જશે ત્યાં ત્યાં હું તણાતો - તણાતો આવીશ.''

જાણે કે પૂર્ણયોગનો કોઈ સાધક જ બોલી રહ્યો છે !

એક રીતે કહીએ તો વિવેકાનંદનું બધું આંતરિક કાર્ય શ્રી અરવિન્દમાં સંક્રાંત થઈ ગયું છે. જેનાથી તે અટકી ગયા હતા ત્યાંથી કામ આગળ વધીને શ્રી અરવિન્દનાં પૂર્ણયોગ રૂપે તે વિકસ્યું છે, ફાલ્યું છે. પ્રાણીમાત્રમાં પ્રગટ બનતા 'નર-નારાયણ'ની આરાધના આજે આખું જગત કરી રહ્યું છે.

(દક્ષિણા-સામાયિકમાંથી - સાભાર (નિવા શીર્ષક સાથે ટૂંકાવીને)

અભિનવ ઉપક્રમ

શ્રી અરવિન્દ કેન્દ્ર નવસારીના સાધક શ્રી દિલીપભાઈ પટેલે ગુજરાતમાં શ્રી અરવિન્દ કેન્દ્રો દ્વારા ચાલતી સાધનાકીય પ્રવૃત્તિઓ જણાવવા ''www.aurogujarat.com''- નામની વેબસાઈટ શરૂ કરી છે તેમાં 'સહજ-સત્સંગ'ના જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૧ સુધીના અંકો લોકો સરળતાથી મેળવી શકે તે માટે મુકેલા છે. શ્રી દિલીપભાઈને 'સહજ-સત્સંગ'ના સર્વે ટ્રસ્ટીઓ આ પ્રવૃત્તિ બદલ અભિનંદન પાઠવે છે. - ટ્રસ્ટી મંડળ

વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

ગૂઢવાદીઓના સિદ્ધાંતો

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૨૩-૩૭)

પ્રકરણ -૨

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ વેદની ભાષા કવિદૃષ્ટાની ભાષા છે, જેમને મન સર્વ અનુભૂતિઓ વાસ્તવિક, જીવંત, ચિત્રમય, સંવેદનશીલ અને સઘન હતી. પૃ. ૨૩

૨ વેદમાં આપણે પ્રાચીન માનસશાસ્ત્ર અને આધ્યાત્મિક જીવનની કળા જોઈએ છીએ. પૃ. ૨૩

૩ ગૂઢવાદીઓનો સિદ્ધાંત - બધી વસ્તુઓની પીઠમાં તેમ જ ઊર્ધ્વમાં એક અજ્ઞેય, કાલાતીત, અનામી તત્ત્વનો સ્વીકાર કરે છે. પૃ. ૨૩

૪ તે છે એકમાત્ર સત્તા..... બધા પ્રકારનાં રૂપો, શક્તિ, ક્રિયાને..... ધારણ કરે છે છતાં તે અમેય અને અવર્ણનીય છે. પૃ. ૨૩-૨૪

૫ તે રુદ્ર અને વિષ્ણુ છે. પ્રજાપતિ અને હિરણ્યગર્ભ છે. સૂર્ય, અગ્નિ, ઈન્દ્ર, વાયુ, સોમ, બૃહસ્પતિ, વરુણ, મિત્ર, ભગ, અર્યમા; બધા દેવો છે. પૃ. ૨૪

૬ પરમાત્માએ આ વિશ્વની રચના લોકોની (જગતોની) જટિલ પદ્ધતિરૂપે કરેલી છે..... તે પૃથ્વીઓ તથા સ્વર્ગોની આરોહણ કરતી સીડી છે. પૃ. ૨૪

૭ પૌરાણિક સાત લોકો ખૂબ ચોક્કસપણે તેમની સાથે સુસંગત છે. પૃ. ૨૫

૮ જેવી રીતે દેવોએ લોકોની પરંપરાનું - સીડીનું નિર્માણ કર્યું છે; તેવી રીતે માનવની ચેતનામાં મર્ત્ય સ્થિતિમાંથી શિખરરૂપ અમર્ત્યતાને પ્રાપ્ત કરવા માટે..... માત્રાઓની તેવી જ સીડીનું નિર્માણ કરવા માટે પ્રવાસ કરે છે. પૃ. ૨૭

૯ વેદ એ માનવની અમરતાનો સૌથી વધારે પ્રાચીન ધર્મ-સંદેશ છે..... વિભાજીત જીવન એ અવિદ્યા છે..... વિશાળતામાં જીવવાની..... શક્તિ પ્રાપ્ત કરવાથી આપણને અમૃતત્વ પ્રાપ્ત થાય છે. પૃ. ૨૮

૧૦ આપણી સર્વ સમૃદ્ધિને, કાર્યોને ઉચ્ચત્તર અસ્તિત્વની શક્તિઓને સમર્પિત કરવા તે આપણો યજ્ઞ છે, સમગ્ર વિશ્વ એક - યજ્ઞ છે. પૃ. ૨૯

૧૧ ઋષિઓ આ વિભેદ કરનારાઓનો..... અનેક નામો વડે ઉલ્લેખ કરે છે.

(અસુર, દૈત્ય, રાક્ષસ, શુષ્મ, નમુચિ, વલ, પણિ) પૃ.૩૧

૧૨ વેદના દેવો - વૈશ્વિક - શક્તિઓ - વ્યક્તિત્વો છે. પૃ.૩૨

૧૩ આપણી પૂર્ણતા માટે આ સર્વ દેવોનો વિકાસ આવશ્યક છે. પૃ.૩૫

૧૪ અંગિરસોએ - માનવ - પિતૃઓએ તે આરોહણ ક્યારનું યે સિદ્ધ કર્યું છે. પૃ.૩૬

૧૫ કણ્વ, કુત્સ, અત્રિ, કક્ષિવાન, ગૌતમ, શુનઃશેપ અમુક આધ્યાત્મિક વિજયોના ટાઈપ બની ગયાં છે. પૃ.૩૬

૧૬ માનવનો આત્મા અનેક સત્ત્વોથી ભરેલો લોક છે; એક રાજ્ય છે..... જેમાં દેવો આપણા અતિથિઓ છે અને જેનો કબજો લેવા માટે દૈત્યો પ્રયાસ કરી રહ્યાં છે. પૃ.૩૬

વૈદિક ઋષિઓ ગૂઢવાદી હતાં. તેમને જે અનુભૂતિઓ આવતી તે તેમને માટે જીવંત અને સત્યનાં દર્શનસ્વરૂપ હતી. તે અનુભૂતિ કોઈ વખત ‘શ્રુતિ’સ્વરૂપે આવતી અર્થાત્ તેમને શબ્દરૂપે સંભળાતી. કોઈ વખત ‘દૃષ્ટિ’ રૂપે આવતી, જેમાં વિવિધ દૃશ્યો કે સળંગ કોઈ ઘટનાનું તાદૃશ દર્શન થતું. આ બંને અનુભૂતિઓ દ્વારા જગતનું રહસ્ય પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરે છે એમ તેમની નિતાંત શ્રદ્ધા હતી.

આવાં જે વિવિધ શ્રવણો અને દર્શનો વિવિધ ઋષિઓને થયાં તેના આધારે વૈદિક ઋષિઓએ જગતની રચના, તેમાં આધ્યાત્મિક જીવન કેવી રીતે જીવવું તેનાં નિશ્ચિત વિચારો, જગતની રચના પાછળનો હેતુ અને વ્યક્તિ - ચેતના અનુભવો દ્વારા કેવી રીતે વિકાસ પામે છે; જન્મમરણના ફેરા ફરી ભૌતિક જગત અને સૂક્ષ્મ જગતોમાં કેવી રીતે જાય છે તેની દૃષ્ટિએ માનવના સ્વરૂપની રચનાનો પણ ખ્યાલ મેળવેલ હતો. એકંદરે તેમનું અધ્યાત્મ, માનસશાસ્ત્ર અને વિશ્વવિજ્ઞાન તેમની અનુભૂતિઓના આધારે રચાયું હતું.

એ જ પાછળથી વેદાંત, સાંખ્ય અને યોગ-પ્રણાલીઓ તરીકે નિશ્ચિત થયાં.

વેદાનો મૂળ હેતુ ભૌતિક જીવન અને આધ્યાત્મિક જીવન બંને એક જ તત્ત્વની અભિવ્યક્તિ હોવાથી તેમાં સુસંવાદ રચી દિવ્યજીવન કેમ જીવવું તેવો કર્મ અને પ્રયત્નપ્રધાન હતો. જીવનમાંથી નિવૃત્તિ અને મોક્ષની કલ્પનાનું મહત્ત્વ પાછળથી નિર્માણ થયું.

ગૂઢવાદીઓના મતે બધી જ વસ્તુઓ પાછળ એક કાલાતીત, ગુણાતીત એવી પરમ-ચેતના છે અને તેની યોગ્ય અભિવ્યક્તિ એ જ તે વસ્તુની સાર્થકતા છે. તે ચેતના એક સર્વવ્યાપી સત્તાસ્વરૂપે છે. તે ચેતનવંતી છે અને પોતાના અસ્તિત્વનો આનંદ ભોગવી

પણ શકે છે અર્થાત્ તે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે.

તે પરમ-ચેતના, જે સર્વવ્યાપી હોવાથી તેને 'બ્રહ્મ' કહેતાં, બધાં જ રૂપો, ગુણો, આકારો, કાર્યો ધારણ કરી શકે છે છતાં તેનાથી જરા પણ મર્યાદિત થતી નથી.

તે જે વિવિધ વિશ્વશક્તિ રૂપે પ્રગટ થાય છે તેમને જ દેવો કહે છે. તેણે તે શક્તિનાં સંચાલન માટે એક એક વ્યક્તિસ્વરૂપ પણ ધારણ કરેલ છે જે તે શક્તિનું પ્રતીકાત્મક સ્વરૂપ છે. આમ વિષ્ણુ, ઇન્દ્ર, રુદ્ર, પ્રજાપતિ, હિરણ્યગર્ભ, સૂર્ય, અગ્નિ, વાયુ, સોમ, બૃહસ્પતિ, વરુણ, મિત્ર, ભગ, અર્યમા જેવા દેવો તથા ઉષા, ઈલા, મહિ, સરસ્વતી જેવાં દેવી -સ્વરૂપો રચાયાં છે.

માનવી-આત્માને પરમ-ચેતના પ્રત્યે આરોહણ કરવા આ દેવો અને દેવીઓ પોતાની ક્ષમતાનુસાર મદદ કરતાં હોય છે. દરેક દેવમાં ચેતનાનાં વિશિષ્ટ પાસાને વિકસાવવાની વિશિષ્ટ ક્ષમતા હોય છે.

વેદના અર્થને સમજવા માટે આ બધી વાતો સમજવી ખૂબ જ જરૂરી છે.

વેદોમાં જે સાત લોકોનો ઉલ્લેખ મળે છે, તે પુરાણોમાં દર્શાવ્યા મુજબનો જ છે. અને દરેક લોકનો એક અંશ વ્યક્તિમાત્રમાં પણ આવેલો હોય છે, જેને 'કોષ' કહે છે. આમ આંતરિક અને બાહ્ય જગતો જોડાય છે.

વૈદિક નામ (વ્યાહૃતિ)	**પૌરાણિક નામ (લોક)**	**કોષ**
ભૂ	ભૂર્લોક	અન્નમય
ભૂવઃ	ભૂવર્લોક	પ્રાણમય
સ્વઃ	સ્વર્લોક	મનોમય
મહ	મહર્લોક	વિજ્ઞાનમય
જન	જનલોક	આનંદમય
તપ	તપલોક	ચિત્
સત્ય	સત્યલોક	સત્

આ ભૌતિક જગતમાં ઊર્ધ્વમાંના બધાં જ તત્ત્વોના અંશો બીજરૂપે હોવાથી આ ભૌતિક જગતમાં ઊર્ધ્વલોકોને ભૌતિક-સ્તરે પ્રગટ કરવાની ક્ષમતાઓ છે. જ્યારે કોઈ જગત ઊર્ધ્વમાંથી અવતરણ પામી આ ભૌતિક જગત દ્વારા પ્રગટ થાય છે તેને વેદાકાળમાં 'વ્યાહૃતિ' કહેતા. આપણે તેને 'ઉત્ક્રાંતિ' કહીએ છીએ.

બધાં જ જગતો સાથે સભાન સંપર્ક વિકસાવીને તે જગતોનો અનુભવ લેવો એ ચેતનાના વિકાસનો એકએક તબક્કો ગણાય છે. તેમાં ચેતનાની પોતાની મૂળ ક્ષમતા વધારે ને વધારે પ્રગટ થાય છે. આમ વૈશ્વિક કક્ષાનાં જગતો, વ્યક્તિગત કક્ષાનાં જગતો એકરૂપ બની જાય છે. (ક્રમશઃ)

ઉત્ક્રાંતિનો હેતુ

-શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા)

અવતરણો - પ્રકરણ -૨ (ક્રમશઃ)

(ઉત્ક્રાંતિ - પૃ.૮-૧૩)

વિસંવાદિતાનો સામનો અટળ

સમજૂતી - માનસિંહ ચાવડા

માનવ વિશ્વનો જ અવિભાજ્ય ભાગ છે અને સમગ્ર વિશ્વ-પ્રકૃતિ જ સંવાદની શોધ માટે સંઘર્ષ કરી રહી છે અને આ વિશ્વવ્યાપી સંવાદની શોધમાંથી કોઈ માનવ કાયમી સ્વરૂપે છટકી શકે એમ નથી. તે સ્થગિતતામાં પ્રવેશી થોડોકાળ કદાચ તે શોધને નિલંબિત કરી શકશે, પણ ફરી તેને શોધ તો આદરવી જ પડશે અને વધારે વ્યાપક સંવાદને શોધી કાઢવો જ પડે છે.

મૂળભૂત ત્રણ વિસંવાદિતા

ત્રણ કોયડા પૈકી એક કોયડો છે જડતત્ત્વ અને ચેતનામાં હજી ન ગોઠવાએલી સંવાદિતા. તેમાં રહેલી વિસંવાદિતા જ જગતમાંની વિસંવાદિતાનું એક કારણ છે. ચેતનાને મૂળ સ્વરૂપે જડતત્ત્વ પ્રકટ કરી શકતું નથી, તે જ વિસંવાદિતાનું કારણ છે. ચેતના શુદ્ધસ્વરૂપે પ્રકટ થવા દબાણ લાવે છે પણ જડતત્ત્વ તમોગ્રસ્ત હોવાથી તે દબાણને સાચો પ્રતિભાવ આપી શકતું નથી. એ જ વિસંવાદિતાનું કારણ છે. તેથી જ માતાજીએ જણાવેલ છે કે બાહ્ય મુશ્કેલીઓ આંતરિક વિસંવાદિતાનો પરિણામ હોય છે.

આપણા સ્વરૂપમાં જડતત્ત્વ આપણા શરીર તરીકે રહેલ છે. તેની જડતા, તમોગ્રસ્તતા, અસંઘટિતતા, અસભાનતા, જેમ જેમ ઘટતા જશે તેમ તેમ તે ચેતનાને વધારે સારી રીતે પ્રકટ કરવા સમર્થ બનશે અને તેથી તેના આવિર્ભાવનો સાચો, સમર્થ, મજબૂત આધાર બનશે. સારાંશ, જ્યારે શરીર અમૃતત્વને પ્રાપ્ત કરશે ત્યારે જડ અને ચેતનની સર્વાંગપૂર્ણ સંવાદિતા સ્થાપિત થશે.

બીજી વિસંવાદિતા છે પ્રાણ અને ચેતનાની અને ત્રીજી વિસંવાદિતા છે મન અને ચેતનાની. સારાંશ, શરીર, પ્રાણ અને મનની ચેતનતત્ત્વ સાથેની વિસંવાદિતા જ જગતમાંની બધી વિસંવાદિતાનું મૂળ કારણ છે.

પ્રાણના વિકારી આવેગો ચેતનાના આવિર્ભાવને વિકૃત કરી નાંખે છે તેમ જ મનનાં પૂર્વગ્રહો અને ગેરસમજ, અસમજ અને અજ્ઞાન પણ ચેતનાના આર્વિભાવને અવરોધે છે. પણ મનને વધારે ચેતનતા પ્રકૃતિએ બક્ષેલી છે. તે ધીમે ધીમે સમજણ અને વિવેકથી પ્રાણ અને મનની વિસંવાદિતા ઘટાડી શકશે. મન ઊર્ધ્વક્ષેત્રની ચેતનામાં પણ આરોહણ કરી શકે છે, તેથી આ ક્ષમતા જ ભવિષ્યની સંવાદિતા ગોઠવવામાં મદદરૂપ થવાની છે. માનવની ભાવિ પ્રગતિ આ દિશામાં જ વળવાની છે.

ઉત્ક્રાંતિના જૂના નવા તબક્કા

ઉત્ક્રાંતિમાં એક કક્ષા તેથી ઉપરની કક્ષાને જન્મ આપે છે અને જૂની કક્ષા એક અવિકસિત પ્રાણી તરીકે જીવે છે. દા.ત. હાલનો ઉત્ક્રાંતિનો સહુથી વિકસિત માનવ તરીકેનો છે. તે પશુમાંથી ઉત્ક્રાંત થએલ છે. પશુ એ હવે જૂની કક્ષા છે, તેથી પશુઓને આપણે અવિકસિત ગણીએ છીએ.

બે પર્યાય

માનવ સામે હવે બે માર્ગો છે - તે સ્વેચ્છાએ વિકાસ પામીને અતિમાનવમાં પોતાનું રૂપાંતર કરે અથવા ભૂતકાળની ઉત્ક્રાંતિના જેમ જૂની અવિકસિત કક્ષામાં સરી પડી અતિમાનવોને અગ્રેસર થવા જગ્યા કરી આપે. આ પહેલા આવા બે પર્યાયો નહોતા. કારણ માનવ સિવાય નીચલી યોનિમાં બુદ્ધિનો વિકાસ મર્યાદિત હોવાથી સભાન રીતે ઉત્ક્રાંતિ કરવાની ક્ષમતા નહોતી, પણ માનવમાં તે છે. તેથી કુદરતે તેની સામે બે પર્યાય આપ્યા છે, જે પ્રથમ વખત જ અપાયા છે. તેમાં સભાનતા સાથેનો સ્વૈચ્છિક વિકાસ સુખદ ટૂંકા ગાળાનો અને ઓછો સંઘર્ષમય હશે, જ્યારે પ્રકૃતિએ દબાણ કરી લાવેલો બીજો અભાન વિકાસ યાતનાપૂર્ણ, લાંબાગાળાનો અને વધારે સંઘર્ષમય બની જવાનો છે. માનવ આજે આ પર્યાયોનો સામનો કરી રહ્યો છે.

(પૃ. ૧૩ ઉપરથી) **માનવવિકાસ ચક્ર**

અસ્તિત્ત્વના મૂળ આધારમાંથી અથવા ઊર્ધ્વમાં રહેલા તર્કાતીત પ્રદેશમાંથી મળે છે.

શ્રી અરવિન્દે ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યું છે કે માનવીના નૈતિક આધારનો સત્યમય ભાગ દિવ્ય સંકલ્પની સાથે જોડાએલો હોય છે, તેનો ઉદારતામય ભાગ દિવ્ય પ્રેમની અસીમતા તરફ દોરી જાય છે અને તેનો પૌરુષયુક્ત ભાગ દિવ્ય શક્તિને ઉન્નત કરે છે. મનુષ્યના નૈતિક જીવનના શુભ અથવા કલ્યાણમય સ્વરૂપનો આ જ ખરો અર્થ છે, જેને શ્રી અરવિન્દ તર્કાતીત શુભ કહે છે.

સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રભુનું રક્ષણ

(પેજ - ૧૧૪-૧૧૮)

એક ઝાડીમાં એક નવજાત બાળક પડ્યું હતું. તે ઝાડીમાં બધાં હ્યુપૈના ઝાડ હતાં. તેમનાં પાનમાંથી પડતો મધુર રસ બરાબર તે બાળકના મુખમાં પડતો અને બાળક તેને ચાટીને આનંદથી રમી રહ્યું હતું.

ત્યાંથી એક શિવભક્ત નારી પસાર થઈ. તે ઝુંડમાં જ શિવલિંગ હતું. તે ત્યાં રોજ પૂજા કરવા આવતી. તેણે બાળકને જોયું. તેને સુંદર બાળક ઉપર વાત્સલ્ય જાગ્યું, કારણ તેને બાળક નહોતું. તે ઘેરે લઈ ગઈ અને પ્રેમથી તેને ઉછેરવા લાગી.

પણ આડોશીપાડોશી ટીકા કરવા લાગ્યા : ''નાતજાત વગરનું બાળક ઉપાડી લાવી. કાંઈ સમજતી જ નથી ! તેનો ધર્મ ડૂબી રહ્યો છે.'' સ્ત્રી ગભરાઈ ગઈ અને તેણે તે બાળકને ઘોડિયામાં મૂકી એક હરિજનને ત્યાં મૂકી દીધું. તે ગરીબ દંપતીએ તેને પાળી-પોષી મોટો કર્યો.

આ યુવાન એક વખત યાત્રાએ નીકળ્યો. થાકીને બપોરે એક તાડની છાયા નીચે સૂતો, પણ તે તાડે તેને છાયા આપવા માટે સૂરજ ઢળે તેમ ઢળવા માંડ્યું. પણ પોતાનો છાયો તેની ઉપરથી ખસેડ્યો નહિ.

આ યુવાન કોણ હતો ? તે હતો તિરૂવલ્લુવર. તામિળનો મહાકવિ.

પ્રકૃતિ પણ આવી મહામૂલી જિંદગીને બચાવે છે, કારણ તે પ્રભુનું કાર્ય કરવા જન્મેલો હોય છે. તેને પ્રભુનું સંરક્ષણ હોય છે.

આપણે પણ પ્રભુના કાર્ય માટે જ જન્મ્યા છીએ, એવી શ્રદ્ધા રાખવી જરૂરી છે.

યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૨

પૂર્ણયોગનો પથ

સમજૂતી – કમલેશ માંડવિયા

૧ આ યોગની સાધના..... માનસિક ઉપદેશ વડે કે મંત્ર કે જાપ..... વડે થતી નથી..... અંતરમાં આપોઆપ જાગ્રત થતી અભીપ્સા વડે થાય છે. પૃ.૪

૨ અભીપ્સાને લઈને સાધક અંતરમાં..... ઊર્ધ્વમાં એક પ્રકારની એકાગ્રતા પ્રાપ્ત કરે છે. પૃ.૪

૩ .....પ્રભુના પ્રભાવ પ્રત્યે..... પ્રભુની દિવ્યશક્તિ અને કાર્ય પ્રત્યે સાધકની ચેતના ખુલ્લી થવી જોઈએ..... શ્રદ્ધા, અભીપ્સા અને સમર્પણની ક્રિયા વડે જ સાધક પોતાની જાતને પ્રભુ પ્રત્યે ખુલ્લી કરી શકે છે. પૃ.૪

શ્રી અરવિન્દ જણાવે છે કે મંત્ર-તંત્ર, માનસિક ઉપદેશ વગેરેથી પણ આ યોગ કરવો શક્ય નથી. આ વસ્તુઓ સહાયરૂપ બની શકે છે, કારણ કે તેનું લક્ષ્ય જુદાં જ પ્રકારનું હોય તે આ યોગને માટે પૂરતું નથી.

પૂર્ણયોગનું લક્ષ્ય છે સાક્ષાત પરમપ્રભુને આ ધરાતળે સંપૂણપણે અને સમગ્રરીતે વિચરણ કરતાં કરવાં. તો તેના માટેની તમન્ના પણ એવી જ હોવી જોઈએ. આ ફના થવાની ભાવના અને અગ્નિરૂપ સમર્પણને શ્રી અરવિન્દ અભીપ્સા કહે છે. અભીપ્સા એ ચૈત્યપુરુષનો પરમ-પ્રભુ માટેના મિલનનો સાદ છે, જે સર્વ કંઈ ભેદીને પોતાની ઊર્ધ્વમાં રહેલ અથવા તો પોતાનામાં સ્થિર થએલ ચૈત્ય તત્ત્વનાં સંપર્કમાં આવે છે અને તેના નિયંત્રણમાં રહેતા શીખે છે, તેને આધિન બનતા શીખે છે. આધિનતા આવતાં જ જાણે એકરૂપતાના મંડાણ શરૂ થાય છે અને ધીમે ધીમે દિવ્યતા આવવા લાગે છે. પ્રકાશ અને વિશાળતામાં સાધકને પ્રવેશ મળે છે. સાથે સાથે એક નવીન ચેતના - પરમ ચેતના પ્રત્યે સાધક ઊઘાડ અનુભવે છે. સુષુપ્તિમાંથી જાગૃતિનો પ્રવાસ શરૂ થાય છે અને સાધકને આ

આમૂલ એકતામાં પોતાના સાચા અને દિવ્ય સ્વરૂપનો ખ્યાલ આવતાં જ તે સમર્પણનો યજ્ઞ આરંભે છે. આ સભાનતા અને પ્રકાશમાં સાધક પોતાના મનના નાનામાં નાના વિચારો, પ્રાણની ક્ષુલ્લક ભાવનાઓ અને શરીરની જડવત્ ક્રિયાઓ ચપળતાપૂર્વક પકડી પાડે છે અને તે સર્વેને પરમ-ચેતનાને સમર્પણ કરે છે. યજ્ઞમાં અપાતી આહુતિઓ જેવું આ કાર્ય હોય છે અને આ સાથે એક સાત્ત્વિક ભાવના, દિવ્ય શુદ્ધતા - પવિત્રતા, નિષ્પાપ વ્યક્તિત્વ સાધકમાં ખીલવાં માંડે છે. આ સાથે બનતી એક સૂક્ષ્મ ક્રિયા પણ સાધક કરે છે. નકામી, સાધનાવિરોધી વસ્તુઓ અને સ્થિતિઓનો પરિત્યાગ પણ સાધક કરતો જાય છે. પોતાના વ્યક્તિત્વના પાયાઓ જાણે પરમ-પ્રભુમાં નખાતા હોય તેવું લાગે છે. અતે ધીરે ધીરે એવી ભાવના સ્થિર થાય છે કે પરમ પ્રભુનો જ તે એક અવિભાજ્ય અંશ છે. આ દિવ્ય શ્રદ્ધાના બળે સાધક સાધનામાં આગળ વધતો જાય છે.

અભીપ્સાના પ્રથમ પગથિયાથી શરૂઆત કરી સાધક આગળ વધતો જાય છે અને છતાં તે ત્યાં જ પોતાનામાં સ્થિર બનીને પોતાના વિસ્તાર વધારતો જાય છે. આ વિસ્તાર વધતાં જ, વિશાળતા આવતાં જ, પરમપ્રભુની દિવ્યશક્તિઓ પ્રત્યે તે એક પ્રકારની દિવ્યસંવેદનાઓ અનુભવે છે અને આ સંવેદનાઓ દ્વારા જ તે જાણે પરમ-પ્રભુને, પરમ ચેતનાને પોતાના સ્વરૂપમાં કાર્ય કરવાની, દિવ્ય રૂપાંતર કરવાની નૈસર્ગિક રીતે અનુમતિ આપતા શીખે છે. મન-પ્રાણ - શરીર જાણે ''ત્રિમૂર્તિ'' બનીને સહકાર આપે છે. અનેક દૈવી શિલ્પીઓ સાધકના સ્વરૂપનાં ઊંડાણમાં કાર્ય કરવા લાગે છે. સાધકનું સમગ્ર સ્વરૂપ ક્યારેય ન અનુભવ્યો હોય એવો એક પ્રકારનો દિવ્ય ઊઘાડ અનુભવે છે. અચેતન, અવચેતન, તમસ, અંધકાર, અજ્ઞાન અને મિથ્યાજ્ઞાનની પકડો જાણે ઢીલી થતી લાગે છે ! સભાનતા અને નૂતનપ્રકાશમાં આ જડતાની ઇમારતો ધ્વસ્ત થતી અનુભવાય છે અને તે જગ્યાએ એક નૂતન જગત આકાર લેતું અનુભવાય છે.

(પૃ.૩૭ ઉપરથી)

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

૧૬ વિકસિત મન, મનને શાંત પાડી શકે છે. પૃ.૫૮
૧૭ જેઓ શબ્દોના આધાર વગર વિચાર કરી શકે છે તેઓ મનને વહેલું શાંત પાડી શકે છે. પૃ.૫૮
૧૮ વિચારપ્રવાહ બંધ કરવો એક મહાન વિકાસ ગણાય છે. પૃ.૫૯
૧૯ વાણીનું મૌન એ સાચું મૌન નથી. વિચારપ્રવાહનું અટકી જવું એ જ સાચું મૌન છે. પૃ.૫૯

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન માર્ચનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

સર્જન - શક્તિનો મહિમા

સમજૂતી - માનસિંહ ચાવડા

કોઈકે તેમને પૂછેલું, તમે આવા લેખો શા માટે લખો છો ? તેમણે જવાબ આપેલો કે તેમની લેખન-શક્તિની કસોટી માટે જ. સારી વાત છે. પોતે જ તટસ્થ રીતે પોતાના વિવેચક બનવું એ બીજાનાં સૂચનો મુજબ કામ કરવા કરતાં સારું. પણ આ કરતાં આજના જમાનામાં વધારામાં સમજણશક્તિ અને રસગ્રહણ-શક્તિને ચકાસવી પણ જરૂરી છે.

આ યુગમાં સાહિત્ય અને કલાના, સંગીત અને નૃત્યનાં, યુગપુરુષો હાલમાં જ જોવા મળ્યાં છે. તેમનાં કાર્યોએ સનાતનકાળના ઈતિહાસમાં સ્થાન મેળવ્યું છે. આ યુગ જ જાણે નવા જાગરણનો યુગ બની ગયો છે. પણ આ બધું શક્ય થયું સમજણ અને રસગ્રહણ કરતા શ્રોતાઓ અને વાચકોના કારણે જ ! રસગ્રહણ વગર ચિત્રકામ કે સાહિત્ય, કે કાવ્ય નકામું જ છે. તે હોય તો જ માનવની ચેતનામાં સર્જનના આસ્વાદનો પ્રકાશ અને આનંદ પ્રગટે છે. નહિતો સર્જક પોતાના મહાનકાર્ય સાથે એકાકી જ જીવશે.

આનો અર્થ ભૂતકાળમાં રસગ્રહણ હતું અને હાલમાં નથી એવું નથી. પણ આજનો માનવ મધ્યમવર્ગી બની ગયો છે. તેનો દૃષ્ટિકોણ સંકુચિત છે. સહન-શક્તિ જરા પણ નથી. આંધળી સ્તુતિ કરે છે. તેમાં સાચા સર્જકને માર પડે છે. તેનું પણ અસ્તિત્ત્વ છે પણ અલ્પમતિમાં.

તેથી આપણે આપણી સર્જકતાને ચકાસવાની છે, જાગૃત કરવાની છે. તેને પાળીપોષી વધારવાની છે, જેથી સર્જક આપણામાં પ્રગટ થાય. સાચો સર્જક એ છે જે ઉત્તમસર્જન કરે છે અથવા બીજાના સર્જનનું રસગ્રહણ કરે છે અથવા બન્ને કરે છે.

આખ્યાન રહસ્ય
પ્રકાશની શોધમાં : સરમા

પ્રકરણ - ૫

સ્વર્ગમાં ચોરી થઈ. બૃહસ્પતિની ગાયો કોઈ ચોરી ગયું. બૃહસ્પતિએ ઈન્દ્રનો દરબાર માથે લીધો. ઈન્દ્ર પર ફિટકાર વર્ષાવ્યા અને સભા ત્યાગ કરીને ચાલ્યા ગયા.

ઈન્દ્રે ગુપ્તચર વિભાગની પ્રમુખ સરમાને બોલાવી. તે કૂતરીની જેમ ચોરોને સૂંઘીને પકડી પાડે એવી નિષ્ણાત હતી. ઈન્દ્રે સરમાને આ સમસ્યાનો ઉકેલ લાવવા કહ્યું અને સરમાની પ્રવૃત્તિઓ વધી ગઈ.

તપાસ કરતાં વિગતો મળી-પણિઓ ગાયોનું ધણને લઈ પાતાલલોક તરફ ઉતાવળે હંકારી જતા લોકોએ જોએલા. સરમા લાંબા મુશ્કેલ પ્રવાસ બાદ પાતાલલોકમાં પહોંચી.

પણિઓ સરમાની ક્ષમતાઓ જાણતા હતા. તેમણે યુક્તિ કરી. સરમાને પોતાના પક્ષમાં ફોડી લેવાનું આયોજન કર્યું, તેથી તેમને બે ફાયદા થાત. સરમાએ પાતાલમાં પ્રવેશવાનો માર્ગ શોધી કાઢેલો, તે ઈન્દ્ર જાણી ન શકત. બીજું, સરમાની ક્ષમતા દ્વારા દેવોની ગતિવિધિ તેઓ જાણી શકત. પણિના રાજાએ સરમાનું પોતાના દરબારમાં ભવ્ય સ્વાગત કર્યું. તેને પોતાની બેન તરીકે જાહેર કરી. પોતાની સંપત્તિમાં ભાગીદારી પણ આપી અને પાતાલલોકમાં સ્થાયી થવાની વિનંતિ પણ કરી.

પણ સ્વામીનિષ્ઠ સરમાએ બધી જ શરતો નકારી અને બૃહસ્પતિની ગાયો પાછી આપી તેને પાછા જવાની વ્યવસ્થા કરવા કહ્યું.

સરમાને મારી નાંખે તો ઈન્દ્ર નિશ્ચિત ચઢાઈ કરશે જાણી તેમણે કહ્યું :

‘‘બહેન માની છે, તેથી જીવતી જવા દઉં છું. બાકી ગાયો આપવાની વાત

જ નથી.''

સરમા પાછી ફરી ઈન્દ્રને બધી વસ્તુઓથી વાકેફ કર્યા. ઈન્દ્રે દેવો સાથે પાતાલ ઉપર હુમલો કરવાનું આયોજન કર્યું. સરમા તેમને ટૂંકામાં ટૂંકા રસ્તે પાતાલલોકમાં લઈ ગઈ.

યુદ્ધ થયું, પણિનો રાજા વલ મરાણો. દેવોનો વિજય થયો.

આ કથા એક આધ્યાત્મિક ઘટનાનું પ્રતીકમાત્ર છે.

આપણું મન એ ઈન્દ્ર છે. બૃહસ્પતિ એટલે આપણી ઉદાર, પ્રકાશમય વિવેકી બુદ્ધિ. ગાયો એટલે બુદ્ધિમાં જન્મતાં દિવ્ય વિચારો. પણ આ વિચારોને આપણું અવચેતન ચોરીને લઈ જાય છે. તે વિચારને નબળો પાડીને તે જીવનમાં ઉતારવામાં આવતો જ નથી.

બુદ્ધિને તેથી ક્ષોભ થાય છે. તે મનની ટીકા કરે છે. તેની નબળાઈ ને ઊઘાડી પાડે છે. મન અર્થાત્ ઈન્દ્ર મજબૂત, દૃઢ થવાનો નિર્ણય લે છે.

તેને તેની આંતરપ્રેરણારૂપી સરમા મદદમાં આવે છે. તે અવચેતનનાં ખેલ ઊઘાડા પાડે છે. મન પોતાના દિવ્ય-વિચારો સાથે અવચેતનને હરાવે છે. તેના અજ્ઞાનનાં આવરણને, વલયને, વલરાજાને મારી નાંખે છે અને દિવ્ય-વિચારોને પાછા મેળવી જીવનમાં ઉતારે છે.

મન ઈન્દ્રિયોનો રાજા તેથી ઈન્દ્ર, વિશાળ ચેતના એટલે જ બૃહસ્પતિ. તે માનવના સૂક્ષ્મ શરીરમાં રહેલ સાતે યોગચક્રો મારફત પ્રગટ થાય છે, તેથી તેને વિશાળ રીતે પ્રગટ થતી ચેતના બૃહસ્પતિ કહે છે.

સરમાનો અર્થ છે - એકાગ્ર અવસ્થામાં પ્રગટતી આંતરપ્રેરણા. એકાગ્રતાને જ 'દક્ષ' કહેવાય છે, તેથી સરમાને દક્ષની કન્યા ગણવામાં આવે છે.

સાધનામાં સાધકના દિવ્ય-ભાવોને, ગાયને, આપણું અવચેતન, પણિ ગળી જાય છે. તે જ છે ગાયોની ચોરી. આપણી વિવેકબુદ્ધિ યુદ્ધે ચડી તે ફરી મેળવે છે તે જ ઈન્દ્રનો વિજય..... આંતરપ્રેરણા એ દિવ્ય-ચેતનાની ક્ષમતા હોવાથી તે અવચેતનના પ્રલોભનોમાં ફસાતી નથી. તે દિવ્ય-ચેતનાની જ સેવામાં રહે છે. આ જ છે સરમાની સ્વામીનિષ્ઠા.

આવી રીતે આંતરપ્રેરણા આપણા આંતરિક દિવ્યભાવોને ફરી શોધી આપે છે. તે પ્રકાશની શોધક છે.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

મનનો વિકાસ કેવી રીતે કરશો ?

પ્રકરણ - ૭

(Light for students - P. 54-59)

૧ વાચનથી ફક્ત વિગતોની જાણકારી વધે છે, પણ તે વિગતો કયું સત્ય દર્શાવે છે તેનો વિવેક ન હોય તો હેતુ સરતો નથી. પૃ.૫૫

૨ સમય પસાર કરવા વાંચો નહીં. જ્ઞાન મેળવવા વાંચો. પૃ.૫૫

૩ અભ્યાસ તો જ ઉપયોગી ગણાય જો તેથી માનસિક શિસ્ત અને જ્ઞાન વધે. પૃ.૫૫

૪ વધારે વાચનથી માનસિક વિકાસ થતો નથી. ચિંતન, સમજણ, શ્રેષ્ઠ વ્યક્તિઓના પ્રભાવ તળે જ 'માનસિક' વિકાસ થાય છે. પૃ.૫૫

૫ બાળપણમાં શીખવાની શરૂઆત કરવી સારી. માનવ તરીકે પણ વિકાસ કરવા તર્ક-શક્તિનો યોગ્ય ઉપયોગ કરવો જરૂરી છે. પૃ.૫૫

૬ ચૈતસિક પ્રેરણા શરૂ થાય ત્યાં સુધી તર્કશક્તિ મહત્ત્વની છે. પૃ.૫૬

૭ માનસિક-શક્તિને વધારે નમનીય, વિશાળ અને ઊંડાણ ધરાવતી કરવી જરૂરી છે, જેથી તે ચૈતસિક વિકાસમાં અવરોધરૂપ ન બને. પૃ.૫૬

૮ કોઈ પણ સમસ્યાના બન્ને પક્ષોનો તર્કબદ્ધ રીતે વિચાર કર્યા બાદ જ તેમનો સમન્વય કરીને વિશાળ સત્યમાં સમસ્યા હલ કરી શકાય છે. પૃ.૫૬

૯ સાચું જ્ઞાન મનોમય ક્ષેત્રના ઊર્ધ્વમાં રહેલ છે. પૃ.૫૬

૧૦ મન આયોજન કરવામાં અને કાર્ય કરવામાં ઉપયોગી નીવડે છે. પૃ.૫૬

૧૧ બુદ્ધિ નિર્ણય લે તે પહેલાં પોતાનો અને વિરુદ્ધનાં બન્ને મંતવ્યો સમજી લે અને બન્નેનું સમાધાન થાય એવો ઉપાય શોધી કાઢે. પૃ.૫૭

૧૨ માનવી - મન ઉઘાડા ચોક જેવું છે. વિશ્વ-પ્રકૃતિમાંથી આવતા વિચારો તેમાંથી પસાર થઈ શકે છે અને તેમાં આશ્રય લઈ શકે છે. પૃ.૫૭

૧૩ મનમાંના વિચાર-પ્રવાહને નાથવો અઘરું છે. પૃ.૫૭

૧૪ વિચાર - પ્રવાહને નાથવા લાંબા કાળની ધીરજની જરૂર છે. પૃ.૫૭

૧૫ રોજ મનને શાંત રાખવાનો અભ્યાસ કરવા થોડોક સમય ફાળવવો જરૂરી છે. પૃ.૫૮

(પૃ.૩૨ ઉપર)

સૂક્ષ્મ જગતનાં - અજાણ ઋણાનુબંધો

- શ્રી સુન્દરમ્

શ્રી અરવિન્દ હઠયોગની સાધના કરતા હતા ત્યારે વિવેકાનંદની હાજરી તેમને પ્રત્યક્ષ અનુભવાતી હતી. એ જાણે મારી પાછળ આવીને ઊભા હોય અને મને જોઈ રહ્યા હોય એમ મને લાગતું હતું ! એ વસ્તુએ પાછળથી મારા જીવનમાં ઘણી મોટી અસર કરેલી છે. અને પછી અલીપૂર જેલમાં ૧૫ દિવસ સુધી આપમેળે વિવેકાનંદ આવીને તેમનો અવાજ - ઊર્ધ્વ ચેતનાનો પ્રદેશ, વિગતે વિગતમાં, શ્રી અરવિન્દને બરાબર સમજાઈ જાય ત્યાં સુધી સમજાવે છે. અને આમ શ્રી અરવિન્દે જે મહા-સત્યને 'અતિમનસ'રૂપે આપણી સમક્ષ રજૂ કર્યું છે તેનું પ્રદાન વિવેકાનંદ તરફથી બને છે.

આ સૂક્ષ્મ જગત અને તેનાં સ્વરૂપો, શક્તિઓ સ્થૂળ જગત ઉપર કામ કરી રહ્યાં છે તેની આ વાસ્તવિકતા - વાસ્તવિકતાના પ્રેમીએ તો સ્વીકારવી જ પડશે.

વિવેકાનંદ તે રામકૃષ્ણનો કેટલામો ભાગ હતા તે વાત પણ આપણે સમજવાની છે. અને એ અંગેનો વિવેકાનંદનો એક અદ્‌ભુત પત્ર શ્રી અરવિન્દના વાર્તાલાપોમાં આવ્યો છે. તે વિવેકાનંદના બધા ગ્રંથો કહેતા હશે તે તેના કરતાં, પણ કદાચ વધુ વાત કહી જતો હશે. આ પ્રખર યુવાન સંન્યાસી પુરુષ પોતાની જીવનલીલા હવે સંકેલવાની તૈયારીમાં છે ત્યારે વિદેશને કિનારે બેસીને શું અનુભવે છે ?

દક્ષિણેશ્વરમાં વડના ઝાડ હેઠળ બેસીને પ્રવચન કરતા રામકૃષ્ણની અદ્‌ભુત વાણીને હું મંત્રમુગ્ધ બનીને જે સાંભળતો હતો તે જ હું છું. એ મારી સાચી પ્રકૃતિ છે..... હવે ફરી પાછો મને એમનો અવાજ સંભળાયા છે. એ જ પહેલાંનો અવાજ, મારા આત્માને રોમાંચિત કરી દેનારો. બંધનો ભાંગી રહ્યાં છે.

''મારી સામે નિર્વાણ ખડું છે. કદી કદી મને એનો અનુભવ થાય છે, એ જ શાંતિનો અનંત સાગર.....''

પેલો માર્ગદર્શક, ગુરુ, નેતા, શિક્ષક એ ચાલ્યો ગયો છે. પેલો છોકરો, વિદ્યાર્થી, સેવક એ હવે રહ્યો છે.....

(પૃ. ૨૪ ઉપર)

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

સામૂહિક સાધનાના લાભ - ગેરલાભ

પ્રકરણ - ૮

(ખંડ-૨, પૃ.૫૦) (તા.૩૧-૧-૨૪)

સમજૂતી - માનસિંહ ચાવડા

શિષ્ય : સામૂહિક સાધનામાં વ્યક્તિગત સાધના કરતાં કોઈ વધારે લાભ મળે છે?

શ્રી અરવિન્દ : હા, સામૂહિક સાધના જે બાહ્ય વાતાવરણ નિર્માણ કરે છે, તે વ્યક્તિગત સાધનાને પોષક નીવડે છે. સમૂહમાં જેમની સાધના ઉચ્ચકક્ષાની હોય તેમની હાજરી વધારે ફાયદો કરે છે. તે સાધકને વધારે સાધના કરવા પ્રેરણા પૂરી પાડે છે.

શિષ્ય : સામૂહિક સાધનાના ગેરલાભો પણ હશે જ ને?

શ્રી અરવિન્દ : હા, છે જ. જેમની વધારે પ્રગતિ થઈ હોય તેમને સાધનામાં વધારે અવરોધો અનુભવાય છે. કારણ, સામાન્ય લોકોની ચેતનાનાં સતત આંદોલનો તે અનુભવે છે, પણ તેને પણ એક ફાયદો છે. અન્ય સાધકો સાથે સંવાદમય સ્થિતિમાં રહેતા તે શીખે છે.

શિષ્ય : સામૂહિક સાધનાના ગેરલાભોને જીતી શકાય ? પ્રગત સાધકની સાધનાના અવરોધોના મારાને કેવી રીતે હટાવી શકાય?

શ્રી અરવિન્દ : જો સામૂહિક સાધાનમાં કોઈ એવી વ્યક્તિ હોય જે ઊર્ધ્વ-ચેતનામાં રહેતા શીખી હોય તો તે પોતાની હાજરી અને અભીપ્સાને જોરે અવરોધક આંદોલનોને હઠાવી પણ શકે છે અને સાથેસાથે અમુક ઊર્ધ્વ ચેતનાનું વાતાવરણ પણ સર્જી શકે છે. દા.ત. હું અંદરના મારા ઓરડામાં હોઉં ત્યારે જે ચેતના પ્રગટ અને તીવ્ર રીતે અનુભવું છું તે સમૂહમાં જાણે તેની ઉપર કોઈ ''બોજો'' આવી ગયો હોય એમ લાગે છે!

આ ''બોજો'' સામૂહિક ચેતના નિમ્ન સ્તરે રહેવાથી નિર્માણ થએલો હોય છે અને તે સામૂહિક-ચેતનાને પણ ઊર્ધ્વમાં ઉઠાવવાની જરૂર છે અને તેમાં બધાંનાં સામૂહિક પ્રયત્નની, સાધનાની જરૂર પડે છે.

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

Aphorisms

(માતૃવાણી ભા-૧૦, પૃ.૧૮-૨૧) પ્રકરણ-૬

વિદ્યા અને જ્ઞાન (વિજ્ઞાન)

સમજૂતી - માનસિંહ ચાવડા

થોડા વખત ઉપર મને ખબર પડી કે બુદ્ધિનું જ્યારે મરણ થયું ત્યારે જ્ઞાનનો જન્મ થયો હતો. એ મુક્તિ પહેલાં મારી પાસે માત્ર વિદ્યા હતી. (૬)

બુદ્ધિના મરણને જ્ઞાનનો જન્મ કહેવો એ સામાન્ય માનવને સમજાતું નથી. તેમના મતે બુદ્ધિ જ જ્ઞાન મેળવવાનું માનવને મળેલું સાધન છે.

શ્રી અરવિન્દ અહીં આધ્યાત્મિક વિકાસની વાત કરી રહ્યાં છે. જ્યાં સુધી આધ્યાત્મિક વિકાસ માનવનો થએલ નથી, હજી વાસના, શીઘ્રપ્રેરણાઓ, તરંગો, માનવનાં મન ઉપર ચડી આવી તેને ગુલામ કરી દે છે, ત્યાં સુધી બુદ્ધિનું વર્ચસ્વ માન્ય રાખી આ બધાં જ તત્ત્વોને સંયમમાં રાખવા પડે છે. સામાજિક, વ્યવહારિક, નીતિમત્તાને સાચવવી પડે છે. બીજી બાજુ બુદ્ધિનો ઉપયોગ કરી જીવનનું લક્ષ્ય અને અધ્યાત્મ વિષેની સમજણ પણ મેળવવી પડે છે.

એક વખત નૈતિક વિકાસ થઈ જાય અને માનવ અધ્યાત્મ તરફ વળે કે તરત તેના હાલનાં ધારાધોરણો બદલાવાં માંડે છે.

બુદ્ધિ જે હાલમાં માનવ-સ્વરૂપનું સર્વોત્તમ તત્ત્વ હતું અને નિર્ણાયક હતું, તેની ઉપરનાં તત્ત્વો માનવ-જીવનમાં પ્રવેશીને બુદ્ધિ ઉપર શાસન કરવા લાગે છે, કારણ આત્મતત્ત્વ બુદ્ધિની પેલેપારનું તત્ત્વ છે (યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ - ગીતા)

યોગ-સમન્વયમાં શ્રી અરવિન્દ એવા ગેરમાર્ગે દોરવાએલા યોગીઓની વાત કરે છે, જે એમ કહે છે કે તેઓ તો ક્ષણેક્ષણે પ્રભુની પ્રેરણાથી જ સંચાલિત થાય છે; પણ ખરેખર તો તેઓ પોતાના નિમ્ન આવેગો, તરંગો અને અવચેતનમાંથી જ સંચાલિત થતા હોય છે. તેઓ પોતાને જીવનમુક્ત કહે છે, છતાં ઊર્ધ્વ-ચેતનામાં શાસન તળે ન આવવાથી અવચેતન શાસિત પશુ - જિંદગીમાં ધકેલાઈ ગએલાં

હોય છે. તેઓ ઉત્ક્રાંત થવા જતાં અવક્રાંત અને પતન પામેલાં હોય છે. આવા કિસ્સાની અહીં વાત નથી થઈ રહી.

બુદ્ધિથી પરિપક્વ, નૈતિક, સંયમિત અને સાત્ત્વિક જીવનને સ્થાયી કર્યા પછી ચેતનાનું આરોહણ થઈને બુદ્ધિનાં પેલેપારનાં ઊર્ધ્વ તત્ત્વોનાં દર્શન બુદ્ધિને થાય છે તે તેને સમર્પિત બને છે. તે પોતે તે ઊર્ધ્વ તત્ત્વોની પ્રેરણાઓને ઝીલે છે અને તેની વાહક બને છે. સ્વેચ્છાએ પોતાની અખંડ સમ્રાટ સમી સત્તા ત્યાગે છે. આ જ છે બુદ્ધિનું મરણ, ત્યારે ઊર્ધ્વ-ચેતનામાંના પ્રજ્ઞાના પ્રવાહો, જ્ઞાનના પ્રવાહો તે સાધકની પ્રકૃતિમાં ઊતરી આવે છે અને તેના બધાં જ તત્ત્વોને યથાયોગ્ય સાચા મૂલ્યાનુસાર ગોઠવી આપે છે. આ જે આત્મતત્ત્વનું જ્ઞાન પ્રગટ થાય છે તેને શ્રી અરવિન્દ બુદ્ધિનાં મરણ પછીના જ્ઞાનનો જન્મ ગણાવે છે. બુદ્ધિ ઉત્ક્રાંતિના હાલના તબક્કાની નેતા છે પણ ઊર્ધ્વ - ચેતનાની તો સેવક જ છે.

આ ઊર્ધ્વ - અવસ્થામાં સાધક ત્રણ વસ્તુમાંથી મુક્તિ મેળવે છે :

૧) અંગત સ્વાર્થી હેતુ ૨) મહત્ત્વાકાંક્ષા ૩) પોતાની શ્રેષ્ઠતાનું મિથ્યાભિમાન.

જો બુદ્ધિના જ્ઞાનને જ્ઞાન કહીએ તો આ જ્ઞાનને વિજ્ઞાન કહેવાય છે. વિજ્ઞાન એટલે આત્માનું વિશુદ્ધ જ્ઞાન. ઈશોપનિષદમાં બુદ્ધિથી મેળવેલ વ્યવહારુ જ્ઞાનને 'વિદ્યા' કહી છે અને જણાવેલ છે કે જે વ્યવહારુ વિદ્યાની પાછળ ગાંડો છે, તે તો ઘનઘોર અંધકારમાં, અજ્ઞાનમાં પ્રવેશનારો માનવ છે.

પશુઓની જેમ અવચેતનથી તટસ્થ વિવેકી બુદ્ધિથી દોરવાવું એ વિદ્યા છે અને સાચો સાધક તો વિદ્યા અને અવિદ્યાની પેલેપાર વિજ્ઞાનમાં પ્રવેશી જાય છે.

ગાયત્રી મંત્રમાં બુદ્ધિને આત્માની પ્રેરણાઓથી શાસિત કરવાનો જ ભાવ દેખાય છે (ધીયો યોનઃ પ્રચોદયાત્)

બુદ્ધિ પરિપક્વ થતાં તેને પોતાની ઉપર, સાધકને પોતાના મસ્તકની ઉપર પ્રકાશનાં દર્શન થાય છે. તે ઊર્ધ્વ-પ્રકાશ આત્માનો પ્રકાશ હોય છે. તેને નીચે આપણા સ્વરૂપમાં ઉતારી લાવવાનો હોય છે, જેથી આપણા ચૈત્યપુરુષે પ્રભુનો આપણી માટે જે સંકલ્પ કરેલ છે, સત્ય ધારણ કરેલ છે, તેની સાચી સમજણ આપણને મળે. શ્રી અરવિન્દ નૂતના ગાયત્રીમાં આ જ ભાવ પ્રગટ કરે છે (જ્યોતિઃ પરસ્ય ધીમહિ યન્નઃ સત્યેન દીપયેત્) જાગૃત થએલ આત્માની આ અનુભૂતિ છે. તેમાં પ્રભુ પ્રત્યેનો નિતાંત સમર્પણ ભાવ, નિમિત્ત બનવાની ભાવના હોય છે.

Nirav Brahman

- By Mrs. Sanhita (Jheenu) Joshi

Effortless was His experience riot even willed
In His three days of eternal silence,
He saw His selfness identity.
In His voiceless voyage He traveled through timeless zone.
With an awakened consciousness,
He witnessed nature's drama and plays.
It was the beginning of His unknown journey,
under the watchful eyes of divinity.
What was known as distant Brahman
was no longer a stranger sung by vedas
Infinite god made an abode in Him.
"Eternal Silence" an experience He lived with
A loyal friend in His lonely battles.
Silence vast as universe and beyond
Silence of impersonal godhead
Slience as He said as "Nirav Brahman"

નીરવબ્રહ્મની અનુભૂતિ

પ્રયત્ન શૂન્ય ને નિરપેક્ષ એ, અદ્‌ભુત અનુભૂતિ આવી,
સનાતન શાંતિના ત્રિદિને, અહંશૂન્ય સ્વચેતના જાગી.
નિસ્તબ્ધ પ્રવાસ અકાળમાં, પણ સજાગ ચેતના સાથ,
જોઈ લીલા પ્રકૃતિ તણી, દૃષ્ટાભાવથી માણી ખાસ.
હતી શરૂઆત પ્રવાસની, અણદીઠ્યો અજાણ પ્રદેશ,
નિરખતી તે દૃષ્ટિ હતી, ને ગ્રહે દિવ્ય-સંદેશ.
તેમાં નિરખ્યું બ્રહ્મને, અક્ષર વેદો વદે,
સ્વમાં દેવો નિવસતા, દેખે ને એ અનુભવે.
શાંતિ તેની સખી હતી, ચિરંતન સાથનો કૉલ,
વિશ્વભરમાં ઓતપ્રોત, ને વિશ્વાતીતમાં પણ અતિ જોર.
અપૌરુષેય પ્રભુ પોતે હતા, નીરવ-બ્રહ્મ એ નિર્ધાર
તેમાં સર્જન - શક્તિ હતી, પણ સુપ્ત નિષ્ક્રિય એ ધાર.

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૯૨-૧૦૨)

અવતરણો પ્રકરણ - ૧૪

રોગ નિવારણની આંતરિક પદ્ધિતઓ

1 If the consciousness is turned upward the pain vanishes. If it is turned downward, the pain is felt. P.92

2 If the consciousness is turned from the pain to one's work or anything that interests one, the pain ceases. P.9

3 There is the "Sat" aspect of the Divine the pure supreme existence..... If you can keep in contact with it all physical complains can be removed. P.92

4 Pain is at least three-fourth imaginary. P.93

5 You think that you are ill and that increases the illness..... The only way is to remain to accept it (illness).P.93

6 If we eliminate the mental factor, the body has neither fear..... nor anxiety about what is going to happen. P.94

7 If you have this inner calm, then the pain changes into an almost pleasant sensation. P.94

8 The seond step is, when the body has decided to endure..... immediately the acuteness..... in the pain disappears. P.94

9 And the last stage is, when the cells have... this trust that all is for the best them comes ecstacy..... the cells..... became luminous and ecstacy..... That makes four stages.... P.94

10 You must accept the thing since it has happened. P.95

11 If you find the cause of the illness and act directly on its cause, then you can be cured radically. P.96

12 If you succeed in bringing an inner immobility..... It has exactly the same effect as an anaesthetic. P.96

13 What is considered the most difficult from the yogic point of view is toothade because it is very close to the brain. P.97

14 The best way- and this one is absolute - is to go out of the your body..... you rise just above, so as to see your body from - (from there) you can direct the rays of your forces on the place in the body which is ill..... To faint is to go out of body (of course not deliberately). P.98

15 One can concentrate one's mental force in the solar plexus (chest) and feel the mental activity coming out from there.....

16 You lie flat and make yourself very wide, as wide as possible..... in an attitude of complete passivity..... putting the difficulty before the light..... the light that comes from above..... And then just a little work of receptivity to the light. P.100

17 The easiest way is to identify your self with something vast (immensity of ocean, space, time, sky etc.)..... visualise picture..... a concentration like this, placing yourself in infinity and eternity..... everthing goes away. P.102

સમજૂતી - માનસિંહ ચાવડા

રોગ, માંદગી, યાતના, દુઃખ તીવ્ર સંવેદનો નિર્માણ કરે છે, જે દુઃખદાયક લાગે છે. જો આપણે આપણી ચેતનાને ઊર્ધ્વમાં મસ્તકની ઉપર લઈ જઈ ત્યાં સ્થિર કરીએ તો તે સંવેદનોની તીવ્રતા ઘટી જાય છે અને તેથી રોગ, માંદગી, દુઃખ યાતનામાંથી છુટકારો થયા જેવી રાહતની ભાવના જન્મે છે. આ ચેતનાના ઊર્ધ્વ-ગમનથી પેન - કીલર અથવા એનેસ્થેસિય જેવો પરિણામ સર્જે છે. જો ચેતના નીચે રોગ કે માંદગીની યાતનામાં જ અટવાઈ જાય તો દુઃખ અને વેદના વધારે જણાય છે.

ખરેખર તો શરીરમાંની સમસ્યાઓનો વેદના સાથે સંબંધ નથી. મન શરીર સાથે એકરૂપ થઈને (અહંકાર સ્વરૂપે) આ સંબંધ જોડી દે છે. મને નિર્માણ કરેલો આ સંબંધ કાપી નાંખી શકાય છે. જો ચેતનાને યાતનાના સ્થળેથી અન્યત્ર એકાગ્ર કરી રોકી રાખી શકાય તો આ સંબંધ પોતાની મેળે કપાઈ જાય છે અને તે શાંત થવા માંડે છે. ઇન્દ્રિયોમાં કાંઈક નુકસાન થએલ હોય તો આ રીતે તે ઇન્દ્રિયને અલિપ્ત રાખવાથી તે પોતાનું નુકસાન ભરીને યથાવત્ થઈ શકે છે.

મૂળ સત્ય એ છે કે ઉપરના વિવિધ ઉપાયો કરવાથી આપણે દિવ્ય - ચેતનાના સત્ પાસા સાથે - શુદ્ધ અસ્તિત્વ માત્ર સાથે સંપર્કમાં આવીએ છીએ અને તે જ આ તે જ દુઃખ નિવારણ કે આરોગ્ય બક્ષે છે.

યાતના કે દુઃખનો લગભગ ત્રણ ચતુર્થાંશ ભાગ કાલ્પનિક હોય છે, તેથી મન હઠાવી લેવાથી તે કાલ્પનિક ભાગ નષ્ટ થવાથી યાતનામાં રાહત જણાય છે. તેથી સાચો માર્ગ છે શાંત, નિર્લેપ રહેવું અને રોગને મનની સ્વીકૃતિ ન આપવી. શરીરને પછી રોગોનો ભય કે ચિંતા જેવું લાગતું જ નથી. શરીર તરત બધું સહન કરવાનો નિર્ણય લઈ લે છે ને તેના તે નિર્ણયથી જ યાતના ઘટવા માંડે છે. બીજા તબક્કે, જો તમારામાં શાંતિ, સ્વસ્થતા હોય તો દુઃખદ સંવેદનો ધીમેથી રૂપાંતર પામી વધારે આરામદાયક અનુભવાય છે. ત્રીજા તબક્કે, આના કારણે શરીરના કોષોમાં વિશ્વાસ જાગીને તેમને લાગે છે કે જે થાય છે બધું ભલા માટે જ. તેમનો પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ સ્થાયી બને છે. અંતે, કોષોમાં ઉઘાડ આવી તેઓ પ્રકાશમય, એકાગ્ર બની જાય છે અને તેમાં એક દિવ્ય-તીવ્ર આનંદ પ્રગટ થાય છે.

આવી રીતે આ સમગ્ર પ્રક્રિયા ચાર તબક્કામાંથી પસાર થાય છે.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન એક શાંત, સ્વસ્થ, ઉચ્ચકક્ષાની વિવેકબુદ્ધિ વિકાસ પામતી હોય છે અને તે ઘટનાઓને સાચા અર્થમાં સમજતી હોય છે. આ વિવેકબુદ્ધિ જ્યારે દુઃખ અને યાતનાનાં મૂળ કારણને શોધી કાઢે છે ત્યારે તેનાં પરિણામો આશ્ચર્યજનક નીવડે છે.

શ્રી અરવિન્દના મતે આ બધા ઉપાયો દાંતના દુખાવા સામે ઓછા પરિણામકારક જણાય છે, કારણ દાંત અને મગજનો ખૂબ જ પાસેનો સંબંધ હોવાથી તે કાપવો મુશ્કેલ

જાય છે. બીજું, દા.ત. વધારે જડ અને ઉપરનું કવચ સંવેદનવિહીન હોવાથી તેને ભેદવું દિવ્ય-બળોને મુશ્કેલ જણાય છે.

શરીરમાં કોઈ ભાગમાં સમસ્યા નિર્માણ થતાં ત્યાંના સંવેદનાવાહક તંતુઓ તેના સંવેદનો મગજને જણાવે છે ત્યારે મગજે તેને જણાવવું જોઈએ કે તારું સંવેદનો મોકલવાનું કાર્ય પૂરું થયું છે. હવે વારંવાર મોકલવાની જરૂર નથી. શાંત થઈ જા. આવી રીતે ચેતાતંત્રને શાંત કરી નિવારણ કરવાનો એક ઉપાય છે.

બીજો ઉપાય એવો છે કે તમારી ચેતનાને વધારે ને વધારે અસીમ અને વ્યાપક વિશાળ બનાવો. તેને કારણે અહંકાર જે ચેતનાને શરીર સાથે જ બાંધી રાખે છે તે ગ્રંથી ભાંગી પડે છે અને ચેતનાનો શરીર સાથેનો સંબંધ નબળો પડી જાય છે. આવી વિશાળતા પ્રાપ્ત કરવા માટે કોઈ વિશાળ વસ્તુ સાથે એકરૂપતા સાધવી પડે છે. દા.ત. વિશાળ સમુદ્રનું જળ, વિશાળ આકાશ વગેરે. આવું જ અનંત સમય સાથે પણ એકરૂપતા સાધીને કરી શકાય છે. એકરૂપતામાં પ્રત્યક્ષ મનની આંખોથી એકરૂપતા નિહાળવી અને અનુભવવી પડે છે.

આવી રીતે આંતરિક પદ્ધતિથી રોગ નિવારણ કરી શકાય છે.

સહજ-સત્સંગ

ધ રજીસ્ટ્રેશન ઑફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે સહજ-સત્સંગ (માસિક) અંગે માહિતી

૧.	પ્રકાશનનું સ્થળ	: રાજકોટ
૨.	પ્રકાશનની સામયિકતા	: માસિક
૩.	મુદ્રકનું નામ	: વિમલેશભાઈ શાહ
	રાષ્ટ્રીયતા	: ભારતીય
	સરનામું	: લા ક્રિએટા, ૪/૫ જે.પી.ટાવર્સ, ટાગોર માર્ગ, રાજકોટ
૪.	પ્રકાશકનું નામ	: મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી માનસિંહભાઈ ચાવડા
	રાષ્ટ્રિયતા	: ભારતીય
	સરનામું	: અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ
૫.	પત્રના માલિકનું નામ	: મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ
	તથા સરનામું	: અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ

હું માનસિંહભાઈ ચાવડા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી પૂરેપૂરી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

પ્રકાશકની સહી :

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી માનસિંહભાઈ ચાવડા

તા. ૧.૪.૨૦૧૧

બ્રહ્મ - સત્ય

- હર્ષદ ઠકરાર

બ્રહ્મ સત્ય, જગત મિથ્યા,
બ્રહ્મ જ જગતરૂપ ભાસે.

- શ્રી શંકરાચાર્ય

શ્રી શંકરાચાર્યના ઉપર્યુક્ત પ્રચલિત કથનનો ઉપયોગ સામાન્ય રીતે વહેવારમાં માનવ અર્ધકથનરૂપે કરતો હોય છે. માનવ ઉપર્યુક્ત કથન પૈકી ફક્ત ''બ્રહ્મ સત્ય, જગત મિથ્યા''નો ઉપયોગ કરતો હોવાથી શ્રી શંકરાચાર્યને અન્યાય કરી બેસે છે.

શ્રી શંકરાચાર્યને ન્યાય આપવા માટે માનવે પૂર્ણ કથન, 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા, બ્રહ્મ જ જગતરૂપ ભાસે'નો ઉપયોગ કરવો જોઈએ. માનવ શ્રી શંકરાચાર્યના પૂર્ણ કથનનો અર્થ સાચી સમજણ, મનન, ચિંતન દ્વારા કરશે; તો જ શ્રી શંકરાચાર્યને સાચા અર્થમાં ન્યાય આપી શકશે.

શ્રી શંકરાચાર્યના કથનમાં રહેલા 'બ્રહ્મ' અને 'જગત'ને સમજવવા માટે કથનમાં રહેલા અન્ય ત્રણ શબ્દો 'સત્ય', 'મિથ્યા' અને 'ભાસ'ને તેના મૂળ તત્ત્વરૂપે સાચી સમજણરૂપે માનવ સમજશે તો જ શ્રી શંકરાચાર્ય કેવો આધ્યાત્મિક સંદેશો આપવા માગે છે તે માનવના જીવનમાં પ્રગટશે.

'સત્ય' એટલે કે જેનું મૂળ તત્ત્વ 'સત્' છે. 'સત્' એટલે એવું અસ્તિત્વ જે સનાતન છે. સનાતન એટલે કોઈપણ કાળમાં અસ્તિત્વ મૂળ સ્વરૂપે જ હોય, તેમાં કોઈ પણ પ્રકારની વિકૃતિ થવી ન જોઈએ અથવા અસ્તિત્વ પરિવર્તન થએલું ન હોવું જોઈએ. 'સત્'નું અસ્તિત્વ કાલાતીત છે. ભૂતકાળમાં જે સ્વરૂપે 'સત્' અસ્તિત્વ ધરાવતું તે જ સ્વરૂપે સત્ વર્તમાન કાળમાં અસ્તિત્વ ધરાવે છે. વર્તમાનમાં જે સ્વરૂપે સત્ છે તે જ સ્વરૂપે ભવિષ્યકાળમાં સત્ રહેશે. ફક્ત બ્રહ્મ જ ત્રણેય કાળમાં એક જ સ્વરૂપે અસ્તિત્વ ધરાવતું હોવાથી શ્રી શંકરાચાર્ય જણાવે છે, 'બ્રહ્મ સત્ય'.

'મિથ્યા' એટલે એવું અસ્તિત્વ જેનું સ્વરૂપ ત્રણેયકાળમાં કાયમી સ્વરૂપે રહેતું નથી, પરંતુ કાળક્રમે બદલાતું રહે, પરિવર્તન પામે અથવા વિલય પણ પામે. આ જગતનું અસ્તિત્વ ભૂતકાળમાં જે સ્વરૂપે હતું તે સ્વરૂપે વર્તમાનકાળમાં જગતનું જે સ્વરૂપ છે તે સ્વરૂપે ભવિષ્યકાળમાં જગત અસ્તિત્વ ધરાવશે નહીં. જગત કાળ પ્રમાણે પરિવર્તન થતું હોવાથી શ્રી શંકરાચાર્ય જણાવે છે, ''જગત મિથ્યા''.

'ભાસ' મૂળતત્ત્વનું અસ્તિત્વ નહીં પરંતુ અન્ય તત્ત્વની ઝાંખીરૂપે દેખાવું, એટલે

અંધકારમાં દોરડાને માનવ સર્પરૂપે અનુભવે છે, પરંતુ ખરેખર તો સાપ હોતો નથી. પરંતુ દોરડું અસ્તિત્વ ધરાવતું હોય છે. એટલે જ શ્રી શંકરાચાર્ય કહે છે, 'બ્રહ્મ જ જગતરૂપ ભાસે'.

શ્રી શંકરાચાર્યના જણાવ્યા પ્રમાણે 'બ્રહ્મ જગતરૂપ' ભાસતું હોવાથી જગત એક ભ્રમણા છે, જગત અજ્ઞાનમય છે, જગત દુઃખમય છે, માટે તેનો ત્યાગ કરવો જોઈએ. શ્રી શંકરાચાર્યની આ વિચારાધારામાંથી એક 'દર્શન' પ્રચલિત થાય છે, જેને શંકરદર્શન કહેવામાં આવે છે.

શંકરદર્શન બાદ વેદાંતદર્શન મુજબ'બ્રહ્મ' અને 'જગત' વિષે જે વિચારધારા પ્રચલિત થઈ તેને મારી સમજ મુજબ સમજાવવા પ્રયત્ન કરું છું.

વેદાંતદર્શન સમજાવે છે તે મુજબ જગત બ્રહ્મના મૂળ તત્ત્વ તરીકે નહીં પરંતુ બ્રહ્મના સત્ત્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. જે રીતે માટીમાંથી બનતી કોઈ પણ કૃતિ તે ઘડો હોય કે અન્ય કૃતિ તેમાં માટી અસ્તિત્વ ધરાવે છે, પરંતુ માટી તરીકેના મૂળ ગુણધર્મો ગુમાવી બેઠું છે.

આ જગત બ્રહ્મના સત્વરૂપે હોવાથી બ્રહ્મના મૂળ ગુણધર્મો ગુમાવી બેઠું છે.

જે રીતે માટીની કૃતિમાં માટી સર્વવ્યાપી છે તે રીતે જગત બ્રહ્મના સત્વ તરીકે હોઈ જગતમાં પણ બ્રહ્મ સર્વવ્યાપી છે. સત્ત્વ મૂળ તત્ત્વનાં ગુણધર્મો પ્રગટ કરી શકતું નથી. પરંતુ મૂળ તત્ત્વને ધારણ કરવાની ક્ષમતા ધરાવે છે.

આ જગત બ્રહ્મના સત્વ તરીકે પ્રગટ થએલું હોવાથી બ્રહ્મની મૂળ પરાપ્રકૃતિને બદલે અપરાપ્રકૃતિ દ્વારા સંચાલિત થાય છે. અપરાપ્રકૃતિ તેના ત્રણ ગુણ તમસ, રજસ અને સત્ત્વ દ્વારા અભિવ્યક્ત થાય છે.

જગતમાં સામાન્ય રીતે માનવ તમોગુણ, રજોગુણ અથવા સત્ત્વગુણ; એમ ત્રણ પૈકી ફક્ત એક જ ગુણમાં જીવન વ્યતીત કરતો હોય છે અથવા માનવના જીવનમાં તમોગુણ, રજોગુણ કે સત્ત્વગુણ કોઈપણ એક ગુણ અન્ય બે ગુણો ઉપર આધિપત્ય ભોગવતો હોય છે. જ્યારે માનવ ફક્ત સત્ત્વગુણમાં જીવન વ્યતીત કરતો થાય છે ત્યારે તે વ્યક્તિગતરૂપે બ્રહ્મ સાથે યોગ સાધી શકે છે, પરંતુ પોતાની અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર સાધી શકતો નથી.

વેદાંત દર્શન મુજબ માનવ પોતાની અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર સાધી શકતો ન હોવાથી વેદાંતદર્શન મુજબ આ જગત અજ્ઞાનમય, દુઃખમય રહેવા સર્જાએલું છે, એમ તે માને છે.

હવે શ્રી અરવિન્દ-દર્શન મુજબ 'બ્રહ્મ' અને 'જગત'ને સમજવા પ્રયત્ન કરશું. આ સમજ હું મારી શ્રી અરવિન્દ-દર્શનની સમજણ મુજબ રજૂ કરું છું.

શ્રી અરવિન્દ-દર્શન સમજાવે છે કે આ જગત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં

દિવ્ય જગત તરીકે નથી. પરંતુ જગતનું નિર્માણ, સર્જન, આવિર્ભાવ દિવ્ય જગતરૂપે થવા થયેલું છે. દિવ્ય જગત એટલે બ્રહ્મને તેના મૂળ તત્ત્વ તરીકે પ્રગટ કરવા સર્જાએલું અથવા આવિર્ભાવ પામેલું જગત.

હાલનું આ જગત બ્રહ્મના તામસિક અને અજ્ઞાનમય આવિર્ભાવ રૂપ છે, કારણ કે આ જગત બ્રહ્મની ચેતના, શક્તિ તેના મૂળ સ્વરૂપે એટલે કે પરાપ્રકૃતિરૂપે અભિવ્યક્ત કરતું નથી. ખરેખર તો આ જગતનો આવિર્ભાવ તેના મૂળ તત્ત્વ તરીકે અભિવ્યક્ત કરવા થએલો છે.

શ્રી અરવિન્દ-દર્શન મુજબ જ્યારે બ્રહ્મ તેના મૂળ સ્વરૂપે પ્રકાશ, જ્ઞાન, શક્તિ, પ્રેમ અને સૌંદર્યમાં વિકાસ પામશે ત્યારે જ જગત બ્રહ્મરૂપે પ્રગટ થશે.

જગતને બ્રહ્મરૂપે કેવી રીતે પ્રગટ કરવું તે સમજાવવા માટે શ્રી અરવિન્દે 'મા' પુસ્તકમાં ત્રણ પુરુષાર્થ આપ્યા છે. આ ત્રણ પુરુષાર્થ છે, 'અભીપ્સા, સમર્પણ અને પરિત્યાગ'. માનવે આ ત્રણ પુરુષાર્થને પોતાના જીવનમાં ઉતારવાના છે અને તે મુજબ પોતાનું જીવન વ્યતીત કરવાનું છે. આ પુરુષાર્થ દ્વારા પોતાની અપરાપ્રકૃતિનું પરાપ્રકૃતિમાં રૂપાંતર સાધવાનું છે.જ્યારે માનવ સંપૂણપણે આ ત્રણ પુરુષાર્થમાં જીવન વ્યતીત કરતો થશે ત્યારે જ તે પરાપ્રકૃતિ દ્વારા સંચાલિત થશે.

શ્રી અરવિન્દ દર્શન મુજબ જગત બ્રહ્મના ભાસ કે સત્ત્વરૂપે નથી પરંતુ જગત તત્ત્વતઃ બ્રહ્મ જ છે. આ જગત તત્ત્વતઃ બ્રહ્મ છે તે સમજાવવા માટે મારા આધ્યાત્મિક પિતાતુલ્ય મને એક સરસ ઉદાહરણ આપે છે, જે હું મારી સમજણ મુજબ રજૂ કરું છે.

આપણે જગતમાં આમ્રફળનો ગોટલો વાવીએ છીએ. આ ગોટલો રૂપાંતર પામી આમ્ર વૃક્ષરૂપે વિકાસ પામે છે. આમ્રવૃક્ષનાં મૂળ, થડ, ડાળીઓ પાંદડાં ગમે તે એક અથવા દરેકનું વિશ્લેષ્ણ કરવામાં આવે તો આપણને આમ્રરસની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જ્યારે વસંત ઋતુ આવે છે અને આમ્રવૃક્ષ ઉપર મોર બેસે છે. આ મોર આમ્રફળમાં રૂપાંતર પામે છે ત્યારે આપણને આમ્રફળમાં આમ્રરસ અને ગોટલાની પ્રાપ્તિ થાય છે.

આપણે આમ્રફળનો ગોટલો લઈએ એટલે આપણને તે ગોટલારૂપે દેખાય છે, આમ્રવૃક્ષરૂપે દેખાતો નથી. ખરેખર તો ગોટલાની અંદર આમ્રવૃક્ષ છે જ, જે આપણને ગોટલો જ્યારે વિકાસ પામી આમ્રવૃક્ષરૂપ બને છે ત્યારે અનુભવાય છે.

બ્રહ્મ આપણને જગતરૂપ ભાસે છે, પરંતુ ખરેખર તો બ્રહ્મ જગતમાં સમાવિષ્ટ થએલું હોવાથી જ્યારે જગત વિકાસ પામે છે ત્યારે બ્રહ્મરૂપે પ્રગટ થાય છે.

આમ્રવૃક્ષનાં મૂળ, થડ, ડાળીઓ પાંદડાંમાં આપણને આમ્રરસ પ્રાપ્ત થતો નથી, પરંતુ આ જ અંગો ફળને વિકસાવવા માટે જરૂરી રસો પૂરા પાડે છે. આમ્રફળનાં જુદા જુદા

અંગો આમ્રફળના સત્ત્વને ધારણ કરે છે પરંતુ આમ્રફળના તત્ત્વને પ્રગટ કરી શકતા નથી.

આમ્રવૃક્ષ પૂર્ણરૂપે વિકાસ પામે છે ત્યારે તેમાં આમ્રફળ આવે છે. આ આમ્રફળમાંથી આપણને આમ્રરસ મળે છે. આ આમ્રરસ એ બ્રહ્મની ચેતનારૂપ છે. આમ્રફળમાં રહેલો ગોટલો કે જેની અંદર અનંત વૃક્ષરૂપે પ્રગટ થવાની શક્યતા છે, એટલે કે તેમાં રહેલાં મૂળ તત્ત્વને અનેકરૂપે પ્રગટ કરવાની ક્ષમતા છે.

જે રીતે આમ્રફળના ગોટલામાં અનંત આમ્રફળરૂપે પ્રગટ થવાની ક્ષમતા સમાવિષ્ટ રહેલી છે, તે રીતે જગતમાં પણ 'બ્રહ્મ'ને અનંતરૂપે પ્રગટ થવાની ક્ષમતા રહેલી છે. આ ક્ષમતા આપણને 'એકો અહં બહુશ્યામ'ની અનુભૂતિ કરાવે છે. મૂળ બ્રહ્મ તો એક જ છે પરંતુ અનેકરૂપે પ્રગટ થાય છે.

શ્રી શંકરદર્શન દ્વારા આરંભાયેલી આપણી યાત્રા શ્રી અરવિન્દ-દર્શન દ્વારા પૂર્ણ થાય છે. આ યાત્રા દ્વારા આપણને સમજાય છે 'બ્રહ્મ છે તો જગતનું અસ્તિત્વ છે અને જગત છે તો બ્રહ્મનો આવિર્ભાવ છે.''

જગત એ અવિકસિત બ્રહ્મ છે. બ્રહ્મ એ વિકાસ પામેલું જગત છે. આ રીતે જગત અને બ્રહ્મ અલગ નથી, પરંતુ એક અને અવિભાજ્ય છે.

૪ એપ્રિલ શ્રી અરવિન્દ પુદુચેરી આગમન દિન તથા ૨૪ એપ્રિલ શ્રી માતાજી કાયમ માટે પુદુચેરી આગમન દિનની ઉજવણી એટલે જગતમાં બ્રહ્મને મૂળ તત્ત્વ તરીકે પ્રગટ કરવાની સાધના. આ સાધના ત્યારે જ સાર્થક થશે જ્યારે આપણે બ્રહ્મનો તેના મૂળ સ્વરૂપે સાક્ષાત્કાર સિદ્ધ કરશું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ.

(પૃ.૨૦ ઉપરથી)

ઉપનિષદોનું અમૃત

વધારે અંધકારથી, અજ્ઞાનથી ઘેરાઈ જાય છે. સમૃદ્ધિ ઇચ્છનારા ભૌતિક જીવનને પ્રભુના આવિર્ભાવનું સાધન બનાવવાનો વિચાર કરતા નથી, તેથી તેઓ પણ અજ્ઞાની જ રહે છે.

જીવનને સમન્વયાત્મક બનાવીને જીવન દ્વારા પ્રભુને પ્રકટ કરવાનું ધ્યેય રાખવામાં આવે તો જ બન્ને પ્રકારની વિદ્યાઓને પોતપોતાની સાર્થકતા પ્રાપ્ત થાય છે. પરાવિદ્યા આત્માનું જ્ઞાન આપે છે અને અપરાવિદ્યા તેને ભૌતિક-જીવન દ્વારા કેમ પ્રગટ કરવું તેની દૃષ્ટિ આપે છે.

સંસારનો હેતુ એ છે કે પ્રભુને આ સંસારમાં ઠેઠ ભૌતિક સ્તરે પણ પોતાને પૂર્ણ રીતે પ્રગટ કરવા છે. પ્રભુના સંકલ્પને મદદરૂપ થવું એમાં જ જીવનની સાર્થકતા છે અને જીવનની પૂર્ણ સાર્થકતામાં જ સાચું સુખ છે.



શ્રી અરવિંદ

માહેશ્વરીનાં પગલાં

ભાવાનુવાદ

A form from far beatitudes seemed to near.
Ambassadress twist eternity and change.
The omniscient Goddess leaned across the breadths
That wrap the fated journeying of the stars
And saw the spaces ready for her feet.

ને એક આકાર, અતિદૂર આનંદ પ્રદેશથી,
વેગે ઊતરી આવ્યો, નજીક એ ધરાની,
જાણે રાજદૂત પ્રભુ તણો, આ અસ્થિર જગમાં,
માહેશ્વરી, સર્વજ્ઞ જે, વ્યાપી સર્વત્ર રહી ક્ષિતિજમાં.
જે તારાઓને વ્યાપીને, ગતિ આપતી સર્વદા,
અને જોયું તેણે એક સ્થળ, તેના પુનિત પગ રોપવાં.

Savitri B-1, C-1, P--4

કૂષ્માંડા

‘કૂષ્મ’ કોહવાટ ગણ્યો, અંડ આભાચક્ર સ્વરૂપ,
કૂષ્માંડ અનુત્પાદક આભા બને, એ સંકેત છે અનુરૂપ. ॥૧॥

આભાચક્ર શુદ્ધ બને, છોડે વાસના વિકાર,
અવચેતનની દૃષ્ટિએ આભાચક્ર અનુત્પાદક થાય. ॥૨॥

તેથી તે કૂષ્માંડ ગણ્યું, અવચેતનને પહેલી વાર,
અવચેતનના પ્રભાવને, તે અવગણે વારંવાર. ॥૩॥

આવી કૂષ્માંડા-ચેતના, અવચેતનથી મુક્ત,
નિર્લેપ, નિર્વિકાર, નિરપેક્ષ બને, સ્વતંત્ર, સજાગ ને શુદ્ધ. ॥૪॥

સાધક-હૃદય પવિત્ર બને, ન કુભાવ કે કુવિચાર,
સદ્-ભાવ, મંગળ કામના, હૃદયે ન કોઈ વિકાર. ॥૫॥

વિકારમુક્તિ જ વિશેષતા, કૂષ્માંડાની પહેચાન,
સાધના અખંડ બને, આત્મભાવની એ ખાણ. ॥૬॥

(કૂષ્માંડાના સ્વરૂપમાંનો હાથમાંનો કુંભ એ આત્માના અમૃતકુંભનું પ્રતીક છે. અષ્ટભુજા અષ્ટધા પ્રકૃતિમાં ચાલતા રૂપાંતરના કાર્યનો સંકેત છે. વિવેકરૂપી શસ્ત્રો અને વિકસતી ચેતનારૂપી કમળ તેમણે ધારણ કરેલાં છે. કમંડળ અને માળા યોગમય જીવનનું પ્રતીક છે.)

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH